મારો વિસ્તાર
મારો અવાજ
પળેપળના સમાચાર માટે www.lokpatrika.in
મારું ગુજરાત
LOK PATRIKA
Ahmedabad, Monday
23-12-2024

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## ગુજરાતમાં અકસ્માતની વણઝાર, એક મહિલા સહિત ૩ના મોત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૨ ।

રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય છે. ત્યારે અમદાવાદમાં વધુ એક વાર અકસ્માતની ઘટના બની છે. સિંધુ ભવન રોડ પર આવેલી મેંગો રેસ્ટોરન્ટ સામે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૨ વ્યક્તિને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત તમામ લોકોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ તાત્કાલિક ટ્રાફિક પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.બીજી તરફ અમદાવાદમાં ડમ્પરની અડફેટે મહિલાનું મોત થયુ છે. હુડકો ત્રણ રસ્તા સિંગરવા પાસે અકસ્માતમાં ૩૩ વર્ષીય મહિલાનું મોત થયુ છે. રોડ ક્રોસ કરતી વખતે અકસ્માતનો ભોગ બની. પૂરપાટ આવતા ડમ્પરે મહિલાને અડફેટે લીધી. ટ્રાફિક પોલીસે ડમ્પર ચાલક કાળુલાલ મીણાની ધરપકડ કરી છે.ભાવનગર જિલ્લામાં ફરી એક વાર ડમ્પરનો કહેર જોવા મળી રહ્યો છે.

## ગુજરાતમાં હવે ગજબનું કૌભાંડ ઝડપાયું, નકલી સિમેન્ટના કારોબારનો પર્દાફાશ

। પ્રતિનિધિ, સુરત, તા.૨૧ ।

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી નકલીની બોલબાલા છે. નકલી વકિલ, નકલી જજ, નકલી પોલીસ, નકલી ધારાસભ્ય, નકલી સચિવ સાથે નકલી તબીબો મળી આવવાની ઘટનાનો પણ રાફડો ફાટ્યો છે. ત્યાં હવે નકલી સિમેન્ટના કારોબારનો પર્દાફાશ થયો છે. સુરતમાં હલકી ગુણવત્તાનો બ્રાન્ડેડ સિમેન્ટના નામે હલકી કક્ષાની સિમેન્ટનું વેચાણનો પર્દાફાશ થયો છે. જેમાં ખટોદરા પોલીસે સિમેન્ટની ૪૧૦ બોરી જપ્ત કરી છે. તેમજ બ્રાન્ડેડ સિમેન્ટની બોરીમાં ભળતી કંપનીનો સિમેન્ટ આપી ખેલ પાડવામાં આવ્યો હતો. પોલીસે રૂપિયા ૧.૪૩ લાખની હલકી કક્ષાની સિમેન્ટ નો જથ્થો જપ્ત કર્યો છે. જેમાં ખટોદરા પોલીસે રાજેશ પટેલ સહિત બે લોકોની અટકાયત કરી છે. જેમાં બજારમાં નામાંકિત કંપનીના નામે હલકી ગુણવત્તાની સિમેન્ટ પધરાવવાનો ખેલ શહેરમાં ચાલી રહ્યાં છે.

### બોલિવુડમાં ગેમ્બલિંગ એપમાં બ્રાન્ડિંગ કરનારા સ્ટાર્સ હવે ઝપેટામાં

# કૌભાંડમાં ઝપેટામાં આવી બે અભિનેત્રી અમદાવાદ સુધી તપાસમાં દોડવું પડ્યું !!

### મલ્લિકા શેરાવત અને પૂજા બેનરજીની ગત રોજ પૂછપરછ કરવામાં આવી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૨ ।

બોલિવુડમાં ગેમ્બલિંગ એપમાં બ્રાન્ડિંગ કરનારા સ્ટાર્સ હવે ઝપેટામાં આવી રહ્યાં છે. હાલ બોલિવુડની બે એક્ટ્રેસ મલ્લિકા શેરાવત અને પૂજા બેનરજીની ગત રોજ પૂછપરછ કરવામાં આવી છે. બંનેના નિવેદન નોંધવામાં આવ્યા છે. મેજિક વિન ગેમ્બલિંગ એપ નામની સટ્ટાબાજી સંબંધિત એપ માટે બંને સ્ટાર્સે બ્રાન્ડિંગ કર્યુ હતું. જેને કારણે હાલ બંને અભિનેત્રીઓ પર ગાળિયો કસાયો છે. જુગાર એપ મેજિક વિન સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની તપાસનો વ્યાપ સતત વધી રહ્યો છે. મેજિક વિન ગેમ્બલિંગ એપ સંબંધિત કેસમાં ઈડીએ બોલિવુડ અને નાના પડદાના કલાકારોને સમન્સ મોકલ્યા છે. ઈડીએ આ કેસમાં બોલિવુડ



અભિનેત્રી મલ્લિકા શેરાવત અને પૂજા બેનર્જીને સમન્સ પાઠવ્યા છે. ઈડીએ આ કેસમાં પૂજા બેનર્જીની પૂછપરછ કરી છે. અભિનેત્રી મલ્લિકા શેરાવતે મેલ દ્વારા સમન્સનો જવાબ આપ્યો છે. ૪૮ વર્ષીય એક્ટ્રેસ મલ્લિકા શેરાવતે ગયા અઠવાડિયે ઈડીની અમદાવાદ ઓફિસમાં પોતાનું નિવેદન નોંધ્યું હતું અને તેના જવાબો ઈ-મેલ દ્વારા મોકલ્યા હતા, જ્યારે બેનર્જીએ તપાસ અધિકારી સમક્ષ નિવેદનો આપ્યા છે. તેની સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. એવું માનવામાં આવે છે કે આ બંનેએ ‘મેજિકવિન’ને લગતી કેટલીક પ્રમોશનલ એક્ટિવિટીઝ કરી છે અને સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રથમ દ્રષ્ટીએ તેઓ આ કેસમાં આરોપી મળ્યા નથી. એજન્સી ટૂંક સમયમાં આ કેસમાં વધુ કેટલાક અભિનેતાઓ અને સેલિબ્રિટીઓની પૂછપરછ કરી શકે છે. ઈડી એ મંગળવારે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે પોર્ટલ માટે આયોજિત ‘લૉન્ચ પાર્ટી’ તેની તપાસ હેઠળ છે, જેમાં અનેક ‘બી-ટાઉન સેલિબ્રિટી’ એ હાજરી આપી હતી અને ‘મેજિકવિન’ને સમર્થન આપ્યું હતું.આ સેલિબ્રિટીઓએ મેજિકવિન માટે વિડિયો અને ફોટો શૂટ પણ કર્યા હતા અને તેના “પ્રમોશન” માટે તેને તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પોસ્ટ કર્યા હતા. તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત ભારતના વિવિધ ભાગોમાં હોર્ડિંગ્સ આઉટ ઓફ હોમ દ્વારા જાહેરાતો પણ કરવામાં આવી હતી. મની લોન્ડરિંગનો કેસ ગુજરાતમાં અમદાવાદ પોલીસના સાયબર ક્રાઈમ યુનિટ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆર પર આધારિત છે.એજન્સીના જણાવ્યા અનુસાર, મેજિકવિન એક સટ્ટાબાજીની વેબસાઈટ છે, જેને ગેમિંગ પોર્ટલ તરીકે વર્ણવવામાં આવી છે અને તે પાકિસ્તાની નાગરિકોની વાસ્તવિક માલિકીની છે. તપાસ એજન્સીએ કહ્યું કે આ વેબસાઈટ મોટાભાગે દુબઈમાં કામ કરતા અથવા સ્થાયી થયેલા ભારતીય નાગરિકો દ્વારા ઓપરેટ કરવામાં આવે છે, આ વેબસાઈટ પર બતાવવામાં આવેલી સટ્ટાબાજીની રમતો મૂળ ફિલિપાઈન્સ અને અન્ય દેશોમાં રમાય છે.

## જસદણમાં યુવકે ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરીને દુષ્કર્મ કર્યું

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૨ ।

રાજકોટના જસદણમાં થયેલી ચોંકાવનારી ઘટનામાં ૨૯ વર્ષીય એક યુવકે ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કર્યું હતું. આરોપી આરોપી રોહિત પીઠવા પાનનો ગલ્લો ચલાવતો હતો અને સગીરા તેની દુકાને આવતી હતી. ધીમે ધીમે આરોપીએ સગીરા સાથે મિત્રતા કરી અને પછી લગ્નની લાલચ આપી તેને ભગાડીને દુષ્કર્મ આચર્યુ હતું. જસદણ પોલીસ મથકે અપહરણ અને પોક્સો સાહિતની કલમો સાથે ગુનો દાખલ થયો હતો સાથે પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી રોહિત રમેશભાઈ પીઠવા(ઉ.વ ૨૯)ને જસદણમાં પાનનો ગલ્લો છે. ભોગ બનનાર આરોપીના પાનના ગલ્લા નજીકના વિસ્તારમાં રહેતી હતી.૧.૫ વર્ષ પહેલા સગીરા આરોપીની દુકાને કોઈ વસ્તુ લેવા આવી હતી. માસુમ સગીરાને જોઈ આરોપીની નિયત બગડી હતી. તેણે સગીરા સાથે પરિચય કેળવ્યો હતો. લલચાવી ફોસલાવી મોબાઈલ નંબરની આપ-લે કરી હતી.

## તલોદની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીએ જીવન ટુંકાવ્યું

। પ્રતિનિધિ, તલોદ, તા.૨૨ ।

તલોદ ખાતે આવેલી એક હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા ડાંગ જિલ્લાના હિંદડા ગામના વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે મળતી માહિતી મુજબ, ડાંગ જિલ્લાના હિંદડા ગામના વિજયભાઈ ચૌધરીનો પુત્ર ઉપેન (ઉ.વ.૧૭) તલોદ પાસેના ઘડી ગામ ખાતે આવેલી આશીર્વાદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગમાં જીએનએમ નર્સિંગમાં એડમીશન લીધું હતું અને તલોદ ખાતે આવેલા પાટીદાર બોર્ડિંગમાં રહેતો હતો પણ તેને હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરવાનું ફાવતું ન હતુ. હોસ્ટેલમાં ફાવતું નથી તેથી અભ્યાસ છોડવાનું વારંવાર કહેતો હતો. જેના લીધે તે કોઈને કંઈ કહેતો ન હતો અને મનમાં ને મનમાં મૂંઝાતો હતો. દરમિયાન ગત ૧૭ ડિસે.ના રોજ સાંજના સુમારે અચાનક હોસ્ટેલ ખાતે રૂમમાં જ ગળેફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લીધું હતુ.

## સાબરમતી વિસ્તારમા પાર્સલ બ્લાસ્ટ, પાર્સલ લાવનાર વ્યક્તિ સહિત બે ઘાયલ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં એક પાર્સલમાં વિસ્ફોટ થયાના સમાચાર છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પાર્સલમાં બેટરી ફાટતાં બે લોકો ઘાયલ થયા છે. માહિતી મુજબ પાર્સલ લાવનાર વ્યક્તિ અને તેને મેળવનાર વ્યક્તિ ઘાયલ થયા છે. જો કે, પોલીસે પાર્સલ વિસ્ફોટ મામલે વધુ તપાસ શરૂ કરી છે.અમદાવાદ શહેરના સાબરમતી વિસ્તારમાં એક વિચિત્ર ઘટના સામે આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે અહીંના પાર્સલમાં વિસ્ફોટ થયો છે. જ્યારે આ ઘટનામાં બે લોકો ઘાયલ પણ થયા છે. મળતી માહિતી મુજબ, પાર્સલમાં બેટરી હતી અને તેમાં વિસ્ફોટ થયો હોવાની માહિતી સામે આવી રહી છે. હવે ઘટના બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને બ્લાસ્ટ અંગે વધુ તપાસ હાથ ધરી છે.ઘટના બાદ પોલીસે તપાસ શરૂ કરી છે. પાર્સલમાં થયેલા બ્લાસ્ટ અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. બ્લાસ્ટના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. આ વિસ્ફોટ છૂટાછેડાની અદાવત રાખીને કરવામાં આવ્યો છે તેવું જાણવા મળી રહ્યું છે. તેની તપાસ માટે પોલીસે જુદી જુદી ટીમો બનાવી છે.અમદાવાદના સાબરમતી વિસ્તારમાં એક પાર્સલમાં વિસ્ફોટ થયો હોવાની માહિતી મળી છે.

### નકલીનો વધ્યો કારોબાર

## કચ્છના નખત્રાણામાં નકલી ડ્રાઇવિંગ લાયસન્સ બનાવવાનું કૌભાંડ ઝડપાયું

। પ્રતિનિધિ, ભુજ, તા.૨૨ ।

કચ્છમાંથી નકલી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવવાનું કૌભાંડ ઝડપાયું. નખત્રાણા તાલુકાના કોટડામાં ઝેરોક્ષની દુકાનધરાવનાર યુવાન લોકોને નકલી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવી આપતો. પોલીસને આ નકલીના કારોબારની માહિતી મળતા તપાસ હાથ ધરી હતી. અને આ યુવાને અત્યાર સુધી ૨૦ કરતાં પણ વધુ લોકોને નકલી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવ્યા હોવાનો ખુલાસો થયો. નકલી ડ્રાઈવિંગ લાયન્સ બનાવવાના ગુનામાં પોલીસે ઝેરોક્ષના માલિક ૨૨ વર્ષીય યુવાનની ધરપકડ કરી.

રાજ્યમાં નકલીનો કારોબાર વધ્યો છે. નકલી ટોલનાકુ, નકલી જજ, નકલી પીએમઓ અધિકારી, નકલી ડિગ્રી, નકલી ડોક્ટર અને વધુ એક નકલી ડ્રાઈવિંગ લાયસન્સનું કૌભાંડ. કચ્છમાં નકલી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવવાનું કૌભાંડ ઝડપાયું. નખત્રાણાના કોટડા ગામમાં આવેલ રામદેવ ઓનલાઈન પોઈન્ટ નામની કલર ઝેરોક્સની દુકાનમાં નકલી ડ્રાઈવિંગ લાયસન્સનું કૌભાંડ થતું હોવાનો ઘટસ્ફોટ થયો. પોલીસે દુકાનના માલિક ૨૨ વર્ષીય આરોપી ભરત ખેતાલાલ મેરીયાની ધરપકડ કરી અને આરોપી પાસેથી ૧૦ નકલી ડ્રાઈવિંગ લાયસન્સો ઝડપ્યા.

નકલી કૌભાંડની તપાસમાં ધરપકડ કરાયેલા આરોપીની પૂછપરછ કરતાં તેણે કબૂલાત કરી કે તે રૂ. ૧ હજાર લઈને લોકોને ડ્રાઈવિંગ લાયસન્સ બનાવી આપતો હતો. પોલીસે આરોપી પાસેથી લેપટોપ જપ્ત કર્યું હતું. આ લેપટોપ માથી લાયસન્સની પીડીએફ ફાઈલોની ચકાસણી કરી. અને તેમાં અત્યાર સુધી આરોપીએ ૩૦ જટેલા નકલી લાયસન્સ બનાવ્યા હોવાની જાણકારી મળી. પોલીસે આરોપીની દુકાનમાંથી લેમિનેશન કવર, કોરા કાર્ડ ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજ્યમાં નકલીનો વેપલો વધવા પાછળ સરકારી અધિકારીઓની રહેમનજર કે પછી કડક સજાનો અભાવ? આવ તત્વોને ડામવા જોઈએ અને વહીવટીતંત્રે કડક કાર્યવાહી કરી કાયદાનો ડર બતાવશે તો જ નકલી પર નિયંત્રણ થશે.




CMYK

ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ કુલ ૧૪૯૯ પ્રા.આ.કેન્દ્રો પુરતા પ્રમાણમાં મંજુર અને કાર્યરત

# રાજ્યમાં ૨૪ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર, ગ્રામ્ય આરોગ્ય માળખું મજબૂત બનશે

**સામાન્ય વિસ્તારમાં ૩૦ હજાર અને આદિજાતિ વિસ્તારમાં ૨૦ હજારની ગ્રામ્ય વસ્તીએ ૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવે છે**





। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૨ ।

રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ વધારવા એક નવો નિર્ણય લીધો છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી એક બેઠકમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ ૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી છે. જેથી અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં આરોગ્ય સેવાઓ સુચારૂ રૂપે પુરી પાડી શકાશે.હાલમાં રાજ્યમાં ભારત સરકારના ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવે છે. જે મુજબ સામાન્ય વિસ્તારમાં ૩૦ હજાર અને આદિજાતિ વિસ્તારમાં ૨૦ હજારની ગ્રામ્ય વસ્તીએ ૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવે છે. હાલ રાજ્યમાં ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ કુલ ૧૪૯૯ પ્રા.આ.કેન્દ્રો પુરતા પ્રમાણમાં મંજુર અને કાર્યરત છે.હાલમાં રાજ્યમાં ભારત સરકારના ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવે છે. જોકે, નવા કેન્દ્રોની મંજૂરીમાં ભૌગોલિક પરિસ્થિતિને આધારે ઉક્ત વસ્તીના ધારાધોરણો ધ્યાને ન લેતા જીઓ સ્પેશિયલ એનાલિસિસના આધારે આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતરને ધ્યાને લઈ નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી આવા અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં રહેતા લોકોને પણ સરળતાથી આરોગ્ય સેવાઓ મળી રહેશે.એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસર, લેબોરેટરી ટેકનીશીયન, જુનિયર ફાર્માસિસ્ટ, સીનીયર ક્લાર્ક સહિતના અન્ય સ્ટાફની નિમણૂંક કરવામાં આવે છે. હાલ જે જગ્યાઓએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ઘટ છે ત્યાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ પહોંચતી કરવામાં સ્થાનિક જનો માટે આ કેન્દ્રો આશીર્વાદરૂપ સાબિત થશે તેમ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતું. રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ વધારવા એક નવો નિર્ણય લીધો છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી એક બેઠકમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ ૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી છે. જેથી અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં આરોગ્ય સેવાઓ સુચારૂ રૂપે પુરી પાડી શકાશે.

વિસનગરના કડા દરવાજા નજીક આ ઘટના બનવા પામી

## વિસનગરમાં જૂથ અથડામણમાં ૨ મહિલા સહિત ૬ ઘાયલ, ૧૮ લોકો સામે ગુનો

। મહેસાણા,તા.૨૨ ।

મહેસાણાના વિસનગરમાં જૂથ અથડામણમાં ૨ મહિલા સહિત ૬ વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થઈ. આ હિંસક અથડામણમાં ૧૮ લોકો સામે ગુનો નોંધાયો. વિસનગરના કડા દરવાજા નજીક આ ઘટના બનવા પામી. જ્યાં ૩ દિવસ અગાઉ સામાન્ય બબાલ થઈ હતી અને તેની ખાર રાખી આ ઘાતકી હુમલો કરાયો. કડામાં એક જ કોમના બે જૂથો વચ્ચે જોરદાર બબાલ વધુ હિંસક બનતા મહિલા સહિત કેટલીક વ્યક્તિઓને ગંભીર ઈજા પંહોચી હતી.

કડા દરવાજા નજીક એક જ કોમના બે જૂથ વચ્ચેની સામાન્ય બબાલે હિંસકરૂપ લેતા જૂથ અથડામણની ઘટના બની. કેટલાક શખ્સો ઘાતક હથિયારો સાથે મહોલ્લામાં ઘુસી અન્ય જૂથનો લોકો પર હુમલો કર્યો. હિંસક અથડામણમાં વિક્રમ ઠાકોર નામના યુવાનને માથામાં ધારીયું મારવામાં આવ્યું હતું. ઈજા થવાના કારણે યુવાનના માથામાંથી લોહી નીકળવા લાગ્યું. મહોલ્લામાં એક જૂથ હથિયારો સાથે તૂટી પડતા બંને જૂથના લોકો મારામારી પર ઉતરી આવ્યા.

આ હિંસક અથડામણાં બંને જૂથના લોકો ઘાયલ થયા હતા. જ્યારે ભયંકર હિંસક અથડામણમાં એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પંહોચતા તમામને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા.ત્રણ દિવસ અગાઉ કોઈ બાબતે બબાલ થઈ હતી. અને આ અદાવતની ખાર રાખી કડા દરવાજા નજીકના બહુચર માતાના મંદિર પાસે જ બે જૂથ વચ્ચે હિંસક અથડામણ થઈ. બંને જૂથ દ્વારા એકબીજા સામે પથ્થરમારો કરાયો. મારામારીના આ ઘટનામાં ૮ જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પોલીસને આ મામલાની જાણ થતાં જ તાત્કાલિક ઘટનાસ્થળ પર પંહોચી સ્થિતિ નિયંત્રિત કરી. જીવલેણ ખૂની હુમલામાં કુલ ૧૮ લોકો સામે નોંધાયો ગુનો. વિસનગર પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી. મહેસાણાના વિસનગરમાં જૂથ અથડામણમાં ૨ મહિલા સહિત ૬ વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થઈ. આ હિંસક અથડામણમાં ૧૮ લોકો સામે ગુનો નોંધાયો. વિસનગરના કડા દરવાજા નજીક આ ઘટના બનવા પામી. જ્યાં ૩ દિવસ અગાઉ સામાન્ય બબાલ થઈ હતી અને તેની ખાર રાખી આ ઘાતકી હુમલો કરાયો. કડામાં એક જ કોમના બે જૂથો વચ્ચે જોરદાર બબાલ વધુ હિંસક બનતા મહિલા સહિત કેટલીક વ્યક્તિઓને ગંભીર ઈજા પંહોચી હતી.

## સીનીયર સિટીઝનના નામ-સરનામા વાળુ બનાવટી આધારકાર્ડ બનાવી ગુનાહિત પ્રવૃતિ કરતી ગેંગ ઝડપાઈ

। માહિતી બ્યુરો, અમદાવાદ,તા.૨૨ ।

અમદાવાદમાં રહેતા એક સિનીયર સિટીઝને આ અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે ત્રણ મહિનાના સમયગાળામાં તેમના નામ-સરનામાનો ઉપયોગ કરીને કોઈ અન્ય વ્યક્તિના ફોટા વાળા આધારકાર્ડ, પાન કાર્ડ બનાવીને ટપાલ દ્વારા અલગ અલગ તારીખે તેમના ઘરે આવ્યા હતા. ઉપરાંત આ આધારકાર્ડમાંથી કોઈ આધારકાર્ડનો ઉપયોગ કરીને આરોપીઓએ કોટક મહિન્દ્રા બેંકમાં ખાતુ ખોલાવીને તેમાં ગેરકાયદે ટ્રાન્ઝેક્શન પણ કર્યા હતા. ફરિયાદીના ઘરે બેંક ખાતાની ચેકબુક જતા તેમને આ અંગે જાણ થઈ હતી. જેને આધારે તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદને આધારે પોલીસે વેલ ઓર્ગેનાઈઝ્ડ ગેંગના મુકેશ એ.ગોંડલીયા, મુકેશ ઉર્ફે દાદા ડી. ગોસ્વામી, ધીરજ ઉર્ફે ધીરુભાઈ કે.પટેલ, કિસ્મતઅલી ઉર્ફે અરમાન એચ.કુરેશી અને કમલેશ જી.જોશીની ધરપકડ કરી હતી.તપાસમાં આરોપી મુકેશ સામે અસલાલી, ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન,માં બે ગુના, એરપોર્ટ, અડાલજ અને સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા છે. જ્યારે ધીરજ સામે ગાંધીનગર એલસીબી અને અમદાવાદમાં ૩ ગુના નોંધાયેલા છે. કિસ્મતઅલી સામે ગાંધીનગરમાં એક અને કમલેશ સામે પાલનપુર વેસ્ટ પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા છે.







## તંત્રી લેખ..

# મેક ઇન ઇન્ડિયાની ચર્ચા

કેન્દ્ર સરકારની મેક ઈન ઈન્ડિયા યોજનાને વધુ અસરકારક બનાવવા માટે જુદી જુદી પહેલ થઈ રહીછે.કોરોના મહામારી બાદ અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા માટે વિવિધ પહેલ થઈ રહી છે. કેટલાક અસરકારક પગલા પણ લેવામાં આવી રહ્યા છે. જેની અસર દેખાઈ રહી છે. જો કે મેઈડ ઈન ચાઈના સુધી આને પહોંચાડી દેવા હજુ વધુ પગલાની જરૂર છે. મોદી સરકારની બીજી અવધિના તમામ બજેટમાં પણ આનો સંકેત આપવામાં આવ્યો છે. જો કે જાણકાર અર્થશાસ્ત્રીઓ અને નિષ્ણાંતો માને છે કે આને હજુ ગતિ આપવાની જરૂર છે. મેક ઈન ઈન્ડિયાને લઈને પ્રશ્નો વિરોધ પક્ષો કરતા રહ્યા છે. હાલમાં ચારેબાજુ ટિકા ટિપ્પણી થઈ રહી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ યોજનાને વધારે પારદર્શક અને અસરકારક બનાવે તે જરૂરી છે. આને લઈને કંપનીઓ વધારે સક્રિય થાય અને આના મારફતે જંગી રોકાણ આવે તે પણ જરૂરી છે. ટિકા ટિપ્પણીના દોર વચ્ચે સરકાર હવે મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે તૈયારી કરી ચુકી છે. જેના ભાગરૂપે ટુંક સમયમાં જ એક નીતિ લાગુ કરવામાં આવનાર છે. સરકારી સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે આ નીતિ હેઠળ સરકાર પોતાના અને ભારતીય રેલવેના ઉપયોગ માટે ભારતમાં ઉત્પાદન કરી રહેલી કંપનીઓ પાસેથી વાર્ષિક આશરે બે લાખ કરોડ રૂપિયાની ચીજવસ્તુઓની ખરીદી કરનાર છે. સંરક્ષણ સંબંધી વસ્તુઓ આ નીતિ હેઠળ આવશે નહી. ખરીદીની ચીજોની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી પરંતુ મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાની દિશામાં આને એક ઐતિહાસિક પહેલ તરીકે ગણવામાં આવે છે. અલબત્ત કોમ્પ્યુટર, મોબાઈલ, સ્ટેશનરી અને દવા ઉપરાંત સ્ટીલ અને એલ્યુમિનિયમનો ઉલ્લેખ પણ આ પ્રસ્તાવમાં રહેલો છે. આ નીતિને ગ્લોબલ સ્તર પર સંરક્ષણવાદી નિતી તરીકે ગણવામાં ન આવે તે માટે ડબલ્યુટીઓના નિયમોને સંપૂર્ણરીતે પાળવામાં આવનાર છે. ડબલ્યુટીઓમાં એવી બારી ખુલ્લી છે કે જો સરકારી ખરીદીનો ઉદ્ધેશ્ય વેપારી નથી તો સરકાર આમાં સ્થાનિક પેદાશોને વધારે મહત્વ આપી શકે છે. સુચિત ખરીદી નીતિનો ઉદેશ્ય ભારતીય કંપનીઓને ભારતમાં જ ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહન આપવાનો છે. જોરશોરથી લોંચ કરવામાં આવેલા મેક ઈન ઈન્ડિયા અભિયાનમાં હજુ સુધી પુરતા પ્રમાણમાં મુડીરોકાણ આકર્ષિત કરવામાં આવ્યુ નથી. કેટલાક રોકાણના મોટા પ્રસ્તાવ ચોક્કસ પણે આવ્યા છે પરંતુ હજુ કાગળથી બહાર પ્રોજેક્ટ નિકળી શક્યા નથી. તેમના જમીની અમલમાં હજુ ચાર પાંચ વર્ષ લાગી શકે છે. જેમ કે તાઈવાની કંપની ફોક્સકોન પાંચ વર્ષમાં પાંચ અબજ ડોલરનુ રોકાણ કરવાની યોજના ધરાવે છે. રેલવેને બિહારમાં બે એન્જિન કારખાના સ્થાપિત કરવા માટે ૧૦ હજાર કરોડ રૂપિયાના વિદેશી રોકાણની રકમ એકત્રિત કરવામાં સફળતા મળી છે. પરંતુ આવી જાહેરાતોનો મતલબ એ વખતે જ સફળ ગણી શકાય છે જ્યારે જમીની સ્તર પર આવી યોજના અમલી બને. મેક ઈન ઈન્ડિયાને અપેક્ષા કરતા વધારે ગતિ મળી રહી નથી તેના માટે કેટલાક કારણો પૈકી એક કારણ એ છે કે દેશમાં જે રીતે વેપારી કારોબારી માહોલ સર્જી દેવાની જરૂર છે તેવા માહોલની રચના થઈ શકી નથી.

# કેન્દ્ર સરકાર નશા તસ્કરી વિરુદ્ધ વધુ સક્રિય દેખાઈ રહી છે

સંસદના શિયાળુ સત્રમાં દેશમાં માદક પદાર્થોના કારોબાર સંબંધે સરકાર દ્વારા ઉઠાવાયેલાં પગલાં પર થયેલ ચર્ચાનો જવાબ આપતાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશને આશ્વાસન આપ્યું કે બે વર્ષમાં દેશના મોટા ડ્રગ્સ માફિયા અને નશાના તસ્કરો જેલના સળિયા ગણતા થઈ જશે. આ અવસર પર તેમણે નશાના કારોબાર પર રોક લગાવવા માટે છેલ્લા કેટલાક વર્ષોમાં મોદી સરકાર દ્વારા લેવામાં આવતા નીતિગત નિર્ણયોથી પણ સદનને વાકેફ કર્યું. તેમના નિવેદનથી લાગ્યું કે માદક પદાર્થોની તસ્કરી જે પડકારરૂપ બની ગઈ છે, મોદી સરકાર તેનો સામનો કરવા માટે તૈયાર છે. બધા જાણે છે કે માદક પદાર્થ વિદેશથી તસ્કરી કરીને દેશમાં લવાઈ રહ્યા છે. તે હરસંભવ રસ્તે લાવવામાં આવી રહ્યા છે. સૌથી વધુ ડ્રગ્સ સમુદ્રી રસ્તે લાવવામાં આવે છે.

માદક પદાર્થોની તસ્કરી રોકવા માટે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો એટલે કે એનસીબીએ સતર્કતા વધારવાની સાથે પોતાની કાર્યપ્રણાલી બદલી છે. તે ઉપરાંત આ એજન્સીએ અન્ય એજન્સીઓ સાથે પોતાનો તાલમેલ વધારવાની સાથે જ આધુનિક ટેકનિકનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે. જોકે એનસીબીનો સહયોગ રાષ્ટ્રીય તપાસ એજન્સી એટલે કે એનઆઈએ પણ કરી રહી છે, તેથી નશાના કારોબારનું જે આંતરરાષ્ટ્રીય નેટવર્ક છે, તેના પર પણ નજર રાખવામાં આસાની થઈ રહી છે. ભારત સરકાર નશાની તસ્કરી રોકવા માટે બીજા દેશોનો સહયોગ પણ લઈ રહી છે અને આપી પણ રહી છે. તેનું જ પરિણામ છે કે નશાની જપ્તી વધવાની સાથે નશીલા પદાર્થોની તસ્કરી કરનારા લોકોની ધરપકડ પણ વધી રહી છે. જ્યાં યુપીએ સરકારના કાર્યકાળમાં ૨૦૦૬થી લઈને ૨૦૧૩ સુધી સાડા ૨૨ લાખ કિલો ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું હતું, ત્યાં જ ૨૦૧૪થી લઈને અત્યાર સુધી ૬૨ લાખ કિલોથી વધુ ડ્રગ્સ ઝડપવામાં આવ્યું છે. આ જ અનુપાતમાં નશા તસ્કરોની ધરપકડ પણ વધી છે. સ્પષ્ટ છે કે કેન્દ્ર સરકાર નશા તસ્કરી વિરુદ્ધ વધુ સક્રિય દેખાઈ રહી છે. સરહદી રાજ્યોમાં મોટી માત્રામાં માદક પદાર્થોની તસ્કરી થઈ રહી છે, તેથી સીમાની સુરક્ષા કરનારા દળોને વધુ અધિકાર આપવામાં આવ્યા છે. તેમને નશા તસ્કરોની ધરપકડ સાથે કેસ નોંધવાનો અધિકાર પણ આપવામાં આવ્યો છે. આ એટલા માટે યોગ્ય નિર્ણય છે, કારણ કે જો આ કામ એનસીબી કે પછી અન્ય કોઈ એજન્સીને સોંપવામાં આવ્યું હોત તો તે એક ખર્ચાળ ઉપાય હોત. જ્યારે સીમાઓની રક્ષા કરનારા દળોને નશાની તસ્કરી રોકવા માટે વધુ અધિકાર આપવાના ગૃહ મંત્રાલયના નિર્ણયની પ્રશંસા થવી જોઈએ, ત્યારે કેટલાંક રાજ્યોને એનો વાંધો છે કે આ દળોને નશા તસ્કરો વિરુદ્ઘ કેસ નોંધવાનો અધિકાર કેમ આપવામાં આવ્યો? કેટલાંક રાજ્યોએ આવો જ વાંધો ત્યારે ઉઠાવ્યો હતો, જ્યારે સીમા સુરક્ષા દળના કાર્યક્ષેત્રનો દાયરો વધારવામાં આવ્યો હતો. આખરે કેન્દ્રીય દળોને વધુ સક્ષમ બનાવવાના પગલાનો વિરોધ કરવાનો શો મતલબ? રાજ્ય સરકારોએ એ સમજવું પડશે કે નશાના કારોબારના ખાત્મામાં ત્યારે જ સફળતા મળશે, જ્યારે તેમની એજન્સીઓ કેન્દ્રીય એજન્સીઓને ભરપૂર સહયોગ પ્રદાન કરે. રાજ્ય સરકારોએ નશાની તસ્કરી રોકવા માટે એવી જ પ્રતિબદ્ઘતા દેખાડવી પડશે, જેવી કેન્દ્ર સરકાર દેખાડી રહી છે. કેન્દ્ર સરકાર રાજ્યોથી લઈને જિલ્લા સ્તર પર ડ્રગ્સ વિરુદ્ઘ માળખું તૈયાર કરવા માટે નારકોટિક્સ કોઓર્ડિનેશન કમિટી બનાવી રહી છે. આ કમિટીઓ માદક પદાર્થોની તસ્કરી પર રોક લગાવવામાં મદદગાર સાબિત થશે. તે ઉપરાંત એનાથી લોકો અને ખાસ કરીને યુવાઓને નશા વિરુદ્ઘ જાગૃત કરવામાં પણ મદદ મળશે. નશાના વધતા ચલણ પ્રત્યે રાજ્ય સરકારોએ એટલા માટે ચેતવું જોઈએ, કારણ કે આ એક ગંભીર સમસ્યા છે. આ એવી સમસ્યા નથી જેનાથી મોં ફેરવી લેવાય. આ નવી પેઢીના ભવિષ્યને નષ્ટ કરવાનું કામ કરી રહી છે. નશાનો કારોબાર એવી સમસ્યા પણ નથી કે એના પર સસ્તી રાજનીતિ કરવામાં આવે. તેની અવગણના ન કરી શકાય કે કેટલાય વિપક્ષી સદસ્યોએ સંસદમાં એના પર કટાક્ષ કર્યો કે ગુજરાતમાં આટલું બધું ડ્રગ્સ કેમ પકડાઈ રહ્યું છે? ગૃહમંત્રીએ આ સવાલનો સ્પષ્ટ જવાબ આપ્યો કે જે રાજ્ય વધારે સજાગ છે, તે વધુ ડ્રગ્સ ઝડપવામાં સક્ષમ છે. જો ગુજરાતમાં વધુ ડ્રગ્સ ઝડપાઈ રહ્યું હોય તો તેનો મતલબ છે કે ત્યાંની એજન્સીઓ વધુ સજાગ છે. આ સિલસિલામાં તેમણે પંજાબનો પણ ઉલ્લેખ કર્યો કે ત્યાં ડ્રગ્સ મોટાપાયે ઝડપાઈ રહ્યું નથી, તો તેનો એ મતલબ ન હોઈ શકે કે ત્યાં આ સમસ્યા જ નથી. જો પંજાબમાં ડ્રગ્સની જપ્તીની સાથે નશા તસ્કરો પર ઠોસ કાર્યવાહી નથી થઈ રહી તો રાજ્ય સરકારની કમજોર ઈચ્છાશક્તિને કારણે. ધ્યાન રહે કે જ્યારે પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર બની હતી તો માદક પદાર્થોની તસ્કરીના નેટવર્કને તોડવાનો વાયદો કરવામાં આવ્યો હતો.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

## ગ્રીનલેન્ડના પીગળતા ગ્લેશીયર પૃથ્વીના પ્રલય કારણ બનશે!?

**પાણીમાં ફેરવાઇ ગયેલા સરોવરમાં વુલ્ફ ડોગ સ્લેજ ખેંચતા જોવા મળ્યા હતા બરફની ચાદરો પીગળવાથી ઉંચાણવાળા ભાગ પર ઝરણા બની રહયા છે આર્કેટિક આબોહવા ધરાવતા વિસ્તારના લોકો શૂન્ય ડિગ્રીમાં રહેવા ટેવાયેલા હોવાથી વધતું જતું તાપમાન અકળાવી રહયું છે**

# વધતા જતા તાપમાનથી બરફ જામવાનું અને ઓગળવાનું કુદરતી ચક્ર ખોરવાયું

**ઉત્તરપશ્ચિમ ગ્રીનલેન્ડમાં સ્થિત પીટરમેન ગ્લેશિયર, આ વિસ્તારમાં વધતા તાપ માનના પરિણામે ટુકડા થઇ શકે છે નાસાએ તેની ટ્વિટર પ્રોફાઇલ પર આઇસબ્રીજ ઓપરેશનના માળખામાં લેવામાં આવેલ ફોટોગ્રાફ પ્રકાશિત કર્યો છે, જે દર વર્ષે હિમનદીઓમાં થતા ફેરફારો ચિંતાનો વિષય બન્યા છે**

કુદરત કરવટ બદલી રહી છે. આપણી નંદનવન સમી પૃથ્વી પર સતત ગરમીનુ પ્રમાણ વધી રહ્યું છે. જેની સીધી અસર પરીઆવરણ પર થઇ રહી છે. આજે આપણે ગ્રીનલેન્ડના ભૌગોલિક પરિસ્થિતિની વાત કરવી છે. સમગ્ર ગ્રીનલેન્ડમાં ચિંતાનો વિષય બન્યો છે.ગ્રીનલેન્ડમાં માત્ર એક જ દિવસમાં બે બિલિયન ટન બરફ પીગળી રહયો છે. આથી વૈજ્ઞાનિકોને ડર છે કે ગ્રીનલેન્ડનો બરફ આમ પીગળતો જ રહેશે. તો દરિયાની જળ સપાટી વધવાનો ખતરો તોળાઈ રહયો છે. સતત વધી રહેલા તાપમાનના પગલે બરફ જામવાનું અને ઓગળવાનું જે કુદરતી ચક્ર હતું તે ખોરવાઈ રહયું છે.

ગ્રીનલેન્ડ એન્ટાર્કટિકા પછી પૃથ્વી પરનો સૌથી વિશાળ હિમ વિસ્તાર છે. જેની આઈસ શીટ ઉત્તર અને દક્ષિણ દિશામાં ૨૪૦૦ કિમી સુધી ફેલાયેલી છે. બરફની સરેરાશ ઉંચાઈ ૨૧૩૫ મીટર જયારે સૌથી વધુ ઉંચાઈ ૩૦૦૦ મીટર છે.એક સમયે ગ્રીનલેન્ડના પાટનગર નૂકનું ઉનાળામાં સરેરાશ તાપમાન ૧૦ ડિગ્રી જેટલું રહેતું હતું પરંતુ હવે ૧૪ ડિગ્રી સુધી રહે છે. જુન ૨૦૧૯ના પ્રથમ પખવાડિયામાં ઉત્તરી ગ્રીનલેન્ડમાં ૧૫ થી ૧૭ ડિગ્રી તાપમાન જોવા મળ્યું હતું. ૨૦૧૮માં તો એક સ્થળે તાપમાન ૨૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું જે છેલ્લા ૫૦ વર્ષના સરેરાશ તાપમાન કરતા ઘણું વધારે હતું.

હિમાલયથી ગ્રીનલેન્ડ સુધી ગ્લેશિયરો પીગળવાથી ખતરો સતત વધી રહ્યો છે. ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓન કલાઈમેટ ચેન્જ (આઈપીસીસી)ના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગ્રીનલેન્ડ અને એન્ટાર્કટિકામાં બરફનું પડ પ્રત્યેક વર્ષે ૪૦૦ અબજ ટન ઘટી રહ્યું છે. તેનાથી દરિયામાં પાણીનું સ્તર વધવાની સંભાવના વધી રહી છે જ્યારે ઘણા દેશોના મુખ્ય શહેરો ડૂબવાનું જોખમ પણ વધી ગયું છે. આ શહેર દરિયાના વધતા શહેરથી વધારે પ્રભાવિત થશે જેમાં ભારતના મુંબઈ અને કોલકાતા જેવા શહેરો પણ સામેલ છે.

અગાઉ મિટિરીયોલોજીકલ ઈન્સ્ટીટયૂટના વૈજ્ઞાનિક સ્ટીફન ઓલ્સને ગ્રીનલેન્ડમાં લીધેલો એક ફોટો વાઈરલ થયો હતો. આ ફોટામાં એક સમયે દોઢ મીટર જેટલો બરફ જોવા મળતો અને હવે પાણીમાં ફેરવાઈ ગયેલા સરોવરમાં વુલ્ફ ડૉગ સ્લેજ ખેંચતા જોવા મળ્યા હતા. બરફની ચાદરો પીગળવાથી ઉંચાણવાળા ભાગ પર ઝરણા બની રહયા છે. આર્કેટિક આબોહવા ધરાવતા વિસ્તારના લોકો શૂન્ય ડિગ્રીમાં રહેવા ટેવાયેલા હોવાથી વધતું જતું તાપમાન અકળાવી રહયું છે. બરફના પડની જાડાઈને સમજવામાં થાપ ખાઈને અનેક લોકો જીવ ગુમાવે છે. પોલાર રીંછ અને વૂલ્ફ ડૉગ જેવા પ્રાણીઓના અસ્તિત્વને પણ ખતરો છે. પર્મોફ્રૉસ્ટ એટલે કે કાયમી બરફથી જામેલા રહેતા વિસ્તારોના ઘરો પરથી બરફ ઓછો થતા છાપરા દેખાવા લાગ્યા છે. ઉત્તરી આર્કેટિકના કેટલાક સ્થળે તો બરફનું પાણી થવાથી મકાનો ધસી રહયા છે અને ભીંતને તિરાડો પડવા લાગી છે. ગ્રીનલેન્ડ વિશ્વમાં ૧૩માં ક્રમનો વિશાળ વિસ્તાર ધરાવે છે. ૧૦ ઈગ્લેન્ડ ભેગા કરો તેટલા વિશાળ ગ્રીનલેન્ડમાં માત્ર ૫૭૦૦૦ લોકો રહે છે. ૨૧ લાખ વર્ગ કિમીથી વધુ





વિસ્તાર ધરાવતો ગ્રીનલેન્ડ ૧૯૭૯થી સ્વશાસિત છતાં ડેન્માર્કને આધિન દેશ છે. ગ્રીનલેન્ડના ગ્લેશિયર અને હિમ સમૂહ જો સાવ પીગળે તો ૨૮,૫૦,૦૦૦ ઘન કિમી પાણી બને તેનાથી સમગ્ર વિશ્વના મહાસાગરોની સપાટી ૭.૨ મીટર સુધી વધે તો પૃથ્વી પરના પ્રલયને કોઈ રોકી શકે નહી. આ ઘટના ચોકાવનારી અને ચિંતા ઉપજાવનારી છે. એટલાન્ટિક અને આર્કટિક મહાસાગરની વચ્ચે આવેલા ગ્રીનલેન્ડમાં માત્ર ૫૭ હજાર લોકો વસે છે. ગ્રીનલેન્ડની પ્રતિ વ્યકિત આવક ૨૦ હજાર ડોલર વાર્ષિક છે.

ભૌતિક વિકાસ નથી થયો પરંતુ માછલીઓ એક્ષપોર્ટ કરીને લોકો સારા નાણા મેળવે છે. ગ્રીનલેન્ડના ટૂન્ડ પ્રદેશમાં ફેમસ એસ્કિમો જનજાતિ રહે છે. સતત વધી રહેલા તાપમાનના પગલે બરફ જામવાનું અને ઓગળવાનું જે કુદરતી ચક્ર હતું તે ખોરવાઈ રહયું છે. ગ્રીનલેન્ડ એન્ટાર્કટિકા પછી પૃથ્વી પરનો સૌથી વિશાળ હિમ વિસ્તાર છે. જેની આઈસ શીટ ઉત્તર અને દક્ષિણ દિશામાં ૨૪૦૦ કિમી સુધી ફેલાયેલી છે. ગત જુલાઈ મહિનામાં ૧૨ અબજ ટન વજન ધરાવતો બરફ દરિયામાં પીગળતો જોવા મળ્યો હતો.

ભૌગોલિક દ્રષ્ટીએ ઉત્તર અમેરિકા અને રાજકિય રીતે યૂરોપ સાથે જોડાયેલો ગ્રીનલેન્ડ દેશ કલાઈમેટ ચેન્જના સંશોધન માટે પ્રયોગભૂમિ બન્યો છે. ગ્લોબલ વોર્મિંગની દુનિયા પર જે માઠી અસર થવાની છે તેની ગવાહી ગ્રીનલેન્ડના ઓગળતા ગ્લેશિયરો આપી રહયા છે. ગ્રીનલેન્ડમાં માત્ર એક જ દિવસમાં બે બિલિયન ટન બરફ પીગળી રહયો છે. આથી વૈજ્ઞાનિકોને ડર છે કે ગ્રીનલેન્ડનો બરફ આમ પીગળતો જ રહેશે તો દરિયાની જળ સપાટી વધવાનો ખતરો તોળાઈ રહયો છે. સતત વધી રહેલા તાપમાનના પગલે બરફ જામવાનું અને ઓગળવાનું જે કુદરતી ચક્ર હતું તે ખોરવાઈ રહયું છે.

જો કે આ દૂરની વાત છે પરંતુ એક માહિતી મુજબ એકાદ બે વર્ષ સુધીમાં ગરમીના કારણે સમુદ્રની સપાટીમાં ૧.૪ મીટરનો વધારો થવાની શકયતા છે. આ પરીસ્થિતિમાં હિંદ મહાસાગરના માલદિવ અને પ્રશાંત મહાસાગરના તુવાલુ જેવા અનેક દ્વીપ તો સાવ ડૂબી જશે. વિશ્વનું સરેરાશ તાપમાન એક ડિગ્રી વધ્યું છે તેની સરખામણીમાં ઉત્તરી ધ્રુવનું તાપમાન ૩ ડિગ્રી જેટલું વધતા ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના નિષ્ણાત આજકાલ ગ્રીનલેન્ડ પર ખૂબજ ધ્યાન આપી રહયા છે.

એક સમયે ગ્રીનલેન્ડના પાટનગર નૂકનું ઉનાળામાં સરેરાશ તાપમાન ૧૦ ડિગ્રી જેટલું રહેતું હતું પરંતુ હવે ૧૪ ડિગ્રી સુધી રહે છે. ગત જુનના પ્રથમ પખવાડિયામાં ઉત્તરી ગ્રીનલેન્ડમાં ૧૫ થી ૧૭ ડિગ્રી તાપમાન જોવા મળ્યું હતું. ૨૦૧૮માં તો એક સ્થળે તાપમાન ૨૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું જે છેલ્લા ૫૦ વર્ષના સરેરાશ તાપમાન કરતા ઘણું વધારે છે. હમણાં ડેનિશ મિટિરીયોલોજીકલ ઈન્સ્ટીટયૂટના વૈજ્ઞાનિક સ્ટીફન ઓલ્સને ૧૩ જુનના રોજ ગ્રીનલેન્ડમાં લીધેલો એક ફોટો વાઈરલ થયો હતો.

**વિશેષ**

આલેખન – સાગર રાવ

## હજારો કિલોમીટર દૂરથી ઉડીને આવતા વિદેશી પક્ષીઓ જોવા માટે આ જ તો છે શ્રેષ્ઠ સમય !

**ડભોઇ શહેરના નાંદોદી દરવાજાથી સંખેડા તરફ જતા રસ્તા પર તમે ડાબી બાજુના વળાંક પર વાહન લો, એટલે તમને આસપાસના ખેતરોમાં જ અવનવા પક્ષીઓ અને તેનો કલરવ સાંભળીને નજીકમાં પક્ષી અભયારણ્ય હોવાની ગંધ આવી જાય**

# માત્ર ડિસેમ્બર મહિનામાં જ ૬૦ હજારથી વધારે પક્ષીઓએ તળાવમાં સમય વિતાવ્યો !

**અદભૂત અને અવનવા પક્ષી દર્શનનો લાભ લેવો હોય તો, કુદરતના માહોલમાં રત થઇ જવાય એવા ડલ રંગોનાં કપડાં પહેરીને ચાલતા-ચાલતા લગભગ દોઢ કિલોમીટર દૂર માંજરોલ ટાવર પહોંચી જશો, એટલે નિરવ શાંતિ વચ્ચે તમને અનોખી દુનિયામાં આવ્યા હોવાનો અહેસાસ થશે**

વડોદરાથી માત્ર દોઢેક કલાકની મુસાફરી બાદ ડભોઈ તાલુકામાં આવેલા વઢવાણા પક્ષી અભયારણ્ય માટે એવું કહી શકાય કે, 'યે નહીં દેખા તો કુછ નહીં દેખા !'. કારણ કે, ૬૩૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું આ તળાવ હજારો માઈલ દૂરથી ઉડીને આવતા અવનવા પક્ષીઓનું અનેરૂ અને સુરક્ષિત વિશ્વ છે. ૧૩૫ થી વધુ જાતિના વિવિધ પક્ષીઓની આ અલગ દુનિયામાં ૩૫ થી વધારે જાતિના તો પ્રવાસી (યાયાવર) પક્ષીઓનો સમાવેશ થાય છે. અને આ જ તો શ્રેષ્ઠ સમય છે, વઢવાણા વેટલેન્ડની મુલાકાત લેવાનો. આ રસપ્રદ વિગતો વાંચ્યા પછી, તમે પણ પક્ષીઓના આ અનેરા વિશ્વને જાણવાની જિજ્ઞાસા તથા વઢવાણા વેટલેન્ડની મુલાકાત લેતા પોતાને રોકી નહીં શકો.

આમ તો, અંદાજે ૧૦૦ વર્ષ પહેલા સિંચાઈના હેતુથી વડોદરાના રાજવી મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ આ તળાવનું નિર્માણ કરાવ્યું હતું. પરંતુ અત્યારે તો, એ પ્રવાસી પક્ષીઓ અને લોકો માટે પર્યટન સ્થળ બની ગયું છે. ડભોઈ શહેરના નાંદોદી દરવાજાથી સંખેડા તરફ જતા રસ્તા પર તમે ડાબી બાજુના વળાંક પર વાહન લો, એટલે તમને આસપાસના ખેતરોમાં જ અવનવા પક્ષીઓ અને તેનો કલરવ સાંભળીને નજીકમાં પક્ષી અભયારણ્ય હોવાની ગંધ આવી જાય. અને પછી, શોધતા-શોધતા તમે વઢવાણા પાસે આવેલા તળાવ સુધી પહોંચી જાવ, એટલે તમને દેશના અગત્યના જળપ્લાવિત વિસ્તાર (વેટલેન્ડ) તેમજ રામસર સ્થળના પણ દર્શન થઈ જ જાય.

આમ તો સ્થાનિક પક્ષીઓ માટે આ રહેણાંક સ્થાન જેવું જ છે, પરંતુ જો તમારે વિદેશી પક્ષીઓને જોવા હોય..તેની કરતબ નિહાળવી હોય કે પછી પ્રકૃતિને મહાલવી છે..તો, આ જ સમય શ્રેષ્ઠ છે. કારણ કે, શિયાળામાં એટલે કે નવેમ્બરથી માંડીને ફેબ્રુઆરી કે માર્ચ સુધી અહીં યાયાવર તેમજ સ્થાનિક પક્ષીઓનો મેળાવડો જામે છે. પક્ષીઓની બહુ બધી જાતિઓમાં અહીં શિયાળો વિતાવવા આવતા તમામ



તસવીર : હાર્દિક પરમાર

પક્ષીઓના નામ લખવા તો થોડું મુશ્કેલ છે. પરંતુ, અહીં બતક, હંસ, બગલા-બગલી અને ડૂબકીઓ સહિતના અલગ-અલગ પ્રકારના પક્ષીઓ જોવા મળે છે, જેમાં લાલ આંખ કારચિયા, સફેદ સુરખાબ, નાનો કલકલિયો, મોટો હંજ, નાની ડૂબકી, લુહાર સહિતના પક્ષીઓનો સમાવેશ થાય છે. હિમાલયનાં માનસરોવરથી રાજહંસોનું ટોળું, હિમાલયનાં સો-મોરીરીથી ભગવી સુરખાબ, આફ્રિકા અને સિંધ પ્રાંતમાંથી હંસોનું ટોળું, મધ્ય એશિયાનાં વિસ્તારોમાંથી ગુલાબી પેણ, સિંધ પ્રાંતમાંથી શિકારી પક્ષીઓ પણ અહીં આવીને તેમને ગમતું અને સુરક્ષિત વિશ્વ મેળવી લે છે.

આમ તો, અહીં પક્ષીઓની વિવિધતા અને સુંદરતા માણવા તેમજ અભ્યાસ કરવાનો શ્રેષ્ઠ સમય વહેલી સવારનો છે. આમ છતાં સાંજે પાંચ વાગ્યા સુધી પક્ષી દર્શન થતા રહે છે. વઢવાણા સરોવરને સંપૂર્ણ પણે શાંતિથી જોવા માટે આશરે પાંચથી છ કલાકનો સમય જોઈશે જ. માત્ર ડિસેમ્બર મહિનામાં જ ૬૦ હજારથી વધારે પક્ષીઓએ પોતાના આ સુરક્ષિત વિશ્વમાં સમય વિતાવ્યો છે, તેના પરથી જ તેની વિવિધતા, જટિલતા અને સુંદરતાનો ખ્યાલ આવી જાય.

અહીં પહોંચો તો, પહેલા તો અત્યાધુનિક ભૌતિક સુવિધા અને ગેસ્ટ હાઉસથી સજ્જ એવા વન વિભાગનો બાંધકામવાળો વિસ્તાર આવે છે. સાથે જ અહીં તમને વન વિભાગનો સ્ટાફ પણ મળે છે, જે તમને સંપૂર્ણ માર્ગદર્શન આપવા અને મદદ માટે સદૈવ તત્પર હોય છે. ત્યાં વાહન પાર્ક કર્યા બાદ, શરૂ થાય છે તમારી રોમાંચક પક્ષી દર્શન યાત્રા.

અદભૂત અને અવનવા પક્ષી દર્શનનો લાભ લેવો હોય તો, કુદરતના માહોલમાં રત થઈ જવાય એવા ડલ રંગોનાં કપડાં પહેરીને ચાલતા-ચાલતા લગભગ દોઢ કિલોમીટર દૂર માંજરોલ ટાવર પહોંચી જશો, એટલે નિરવ શાંતિ વચ્ચે તમને અનોખી દુનિયામાં આવ્યા હોવાનો અહેસાસ થશે. અને હા, 'સોને પે સુહાગા' કહેવતને વારંવાર બોલવા માટે દૂરબીનને સાથે જ રાખજો હોં !

રેડ ક્રેસ્ટેડ પોચાર્ડ, બાર હેડેડ ગીઝ, હેરિયર્સ, હવામાં કરતબો કરતું બ્લુ ટેઈલ્ડ બી ઈટર, પાણીમાં શિકાર કરતી લિટલ ગ્રેબ, તળાવ વચ્ચે લાકડાં પર બેસેલું સ્નેકબર્ડ ડાર્ટર, બોઈંગ વિમાનની જેમ પાણી પર ઉતરાણ કરતાં પેલિકન્સ, પાણીમાં ચાંચ ડૂબાડીને કોઈ તરતી સ્ટીમર માફક ટોળામાં ખોરાક શોધતા ફ્લેમિન્ગોઝ, ઊંચે આકાશમાંથી પાણીમાં છલાંગ લગાવીને એક જ ઝાટકે માછલી પકડીને ઊડતું ઓસ્પ્રે, સફેદ રૂ જેવું



મુલાયમ કોટન પીગ્મી ગૂઝ, ઊડતાંવેંત જ સિસોટી મારતું લેસર વ્હીસલિંગ ડક વગેરે જેવાં વિવિધતમ સુંદર પક્ષીઓ જોવાથી તમારું મન જ નહીં ભરાય. અહીં ત્રણ વોચ ટાવર પણ છે, જેના પરથી પાણીમાં દૂર સુધી મહાલતાં પક્ષીઓની કરતબને શાંતિથી નિહાળી શકાય છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પના અનુસાર અમૃત સરોવર બનાવાયેલા આ તળાવમાં વિવિધ પક્ષીઓનાં મધુર કલરવ સાંભળવા મળશે, જે તમને આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકશે. અહીં વિવિધ પક્ષીઓ બ્રીડિંગ માટે પ્રયત્નો કરતા દેખાશે, તો વળી કેટલાક પક્ષીઓ પોતાના બચ્ચાંઓને સંઘર્ષનાં વિવિધ પાઠ ભણાવતા જોવા મળશે. પ્રકૃતિએ ખુલ્લાં મૂકેલા આ ખજાનાને નિહાળીને તમારી જિજ્ઞાસા અને કુદરત તરફની સમીપતા વચ્ચેનું અંતર ચોક્કસથી ઘટી જશે. અહીં આવતા વિદેશી મહેમાનોથી માહિતગાર થવાની સાથે વન્યસૃષ્ટિ અને પ્રકૃતિ પ્રત્યે સંવેદના આપોઆપ જાગી જશે.

અહીં રહેવાની અને જમવાની સુંદર વ્યવસ્થા છે, એટલા માટે તો સપ્તાહના અંતના દિવસોમાં એટલે કે શનિ-રવિમાં સુરત, અમદાવાદ જેવા મોટા મોટા શહેરોમાંથી પણ લોકો ઉમટે છે. બસ ભરીને ભરીને આવતા વિદ્યાર્થીઓને અને બાળકોને તો અહીં મજા જ પડી જાય છે. વિદેશી મહેમાનોના દુર્લભ દર્શન કરવાના તમારે પણ બાકી હોય તો, બનાવી લો વઢવાણા વેટલેન્ડની મુલાકાતનો પ્લાન. કારણ કે, 'યે નહીં દેખા તો કુછ નહીં દેખા !'



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234 info@cyberoctet.com www.cyberoctet.com

### રવિ કિશને બોલીવુડની સાથે સાથે ભોજપુરી ફિલ્મ જગતમાં પણ કામ કર્યું છે

# લાપતા લેડીઝના શૂટિંગ દરમ્યાન રવિ કિશને ૧૬૦ પાન ખાધાં



રવિ કિશને બોલીવુડની સાથે સાથે ભોજપુરી ફિલ્મ જગતમાં પણ કામ કર્યું છે. ભોજપુરી ફિલ્મ જગતમાં એક્ટ્રેસ સાથે થતા વ્યવહારના કિસ્સાઓની વાત અવારનવાર સાંભળવા મળતી હોય છે. પરંતુ રવિ કિશન બોલિવૂડમાં ઘણું જોવા મળ્યું છે. એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન, તેને પૂછવામાંરવિ કિશનને ફિલ્મ 'લપતા લેડીઝ'માં પોલીસ ઓફિસર શ્યામ મનોહરના રોલ માટે ઘણી પ્રશંસા મળી હતી. આ દરમિયાન રવિ કિશને જણાવ્યું કે કેવી રીતે નિર્દેશક કિરણ રાવે તેને ફિલ્મમાં કાસ્ટ કર્યો. કેવી રીતે તેણે પોતાના પાત્રને નવી દિશા આપી. અભિનેતાએ તેના યુવાન દિવસોમાં બોલિવૂડમાં તેની સાથે થયેલો કાસ્ટિંગ કાઉચ અનુભવ પણ કહ્યો હતો.રવિ કિશને બોલીવુડની સાથે ભોજપુરી ફિલ્મ જગતમાં પણ કામ કર્યું છે. ભોજપુરી સિનેમામાં અભિનેત્રીઓ સાથેના વ્યવહારની વાતો અવારનવાર સાંભળવા મળે છે. પરંતુ રવિ કિશન બોલિવૂડમાં ઘણું જોવા મળ્યું છે. એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન, તેને પૂછવામાં આવ્યું કે શું ખરેખર તેની સાથે બોલિવૂડમાં કાસ્ટિંગ કાઉચ થયું છે?આ સવાલ પર રવિ કિશને કહ્યું કે, 'જુઓ, દરેક પ્રોફેશનમાં, દરેક ઈન્ડસ્ટ્રીમાં આવી ઘટનાઓ બને છે, જ્યારે તમે સ્લિમ હો, તમે સુંદર હો, યુવાન હો, ફિટ હો, તમે તમારી યુવાનીમાં આવો છો અને તમે સંઘર્ષ કરી રહ્યા છો, તમારી પાસે કંઈ બચ્યું નથી.

# 'સુવિધાઓ નહીં તો ભારતમાં કોન્સર્ટ નહીં' કહીને પોસ્ટ ડિલીટ કરી

### સિંગર દિલજિતે પલટી મારી



દિલજિતે દોસાંજે પોતાના ચંદીગઢના કોન્સર્ટમાં ૧૪ ડિસેમ્બરે જાહેરાત કરી હતી કે જ્યાં સુધી ભારતમાં લાઈવ કોન્સર્ટની સુવિધાઓમાં સુધારો નહીં થાય ત્યાં સુધી તે ભારતમાં કોઈ કોન્સર્ટ કરશે નહીં. આ વાતનો દિલજિતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જેમાં તે કહેતો હતો, "અહીં આપણા લાઈવ શો માટે કોઈ સુવિધા જ નથી. આમાંથી મોટી કમાણી થતી હોય છે. ઘણા લોકોને તેના કારણે કામ મળે છે. હવે પછી હું કોશિશ કરીશ કે સ્ટેજ મેદાનની વચ્ચે હોય અને તમે બધાં એની આસપાસ રહી શકો. આવું ન થાય ત્યાં સુધી હું ભારતમાં કોઈ શો કરીશ નહીં, પક્કું." તેણે આ અંગે નિવેદન પણ શેર કર્યું હતું, પરંતુ મંગળવારે તેણે ફરી એક વખત સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરીને કહ્યું કે તેના નિવેદનનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો છે. પરંતુ પછી તેણે આ પોસ્ટ ડિલીટ કરી હતી. તેણે એક્સ પર ટ્વીટ કરીને સ્પષ્ટતા કરી હતી કે, "તેને માત્ર ચંદીગઢના વેન્યુ(કોન્સર્ટનું સ્થળ) સાથે વાંધો હતો." આગળ તેણે લખ્યું, "જ્યાં સુધી ચંદીગઢમાં યોગ્ય વેન્યુ ન મળે ત્યાં સુધી ચંદીગઢમાં આગળ કોઈ શો પ્લાન કરશે નહીં. બસ એટલું જ." દિલજિતની દિલ-ઈલુમિનાતિ ટુર સફળ રહી છે અને નોર્થ અમેરિકા, યુરોપ અને ભારત સહીત દરેક કોન્સર્ટમાં મોટી સંખ્યામાં તેના ફેન્સે શોની મજા લીધી હતી.દિલજિતની આ ટુર ૨૭ એપ્રિલે વાનકુંવરથી શરૂ થઈ હતી.

# વરુણ ધવનની ફિલ્મ 'બેબી જોન' ૨૫ ડિસેમ્બરે થશે રિલીઝ

### કાલીસ દ્વારા દિગ્દર્શિત, તેમાં વરુણને ડીસીપી સત્ય વર્મા તરીકે દર્શાવવામાં આવ્યો છે, જે સિંગલ ફાધર તેની પુત્રીને ગુનેગારથી બચાવે છે



વરુણ ધવન આ દિવસોમાં તેની આગામી ફિલ્મ 'બેબી જોન'ને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મ ૨૫ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મમાં વરુણ ધવન ડબલ રોલ કરી રહ્યો છે. હવે તાજેતરમાં અભિનેતાએ કહ્યું કે આ ફિલ્મ માટે તેણે સદીના મેગાસ્ટાર અમિતાભ બચ્ચનની કલ્ટ ફિલ્મ 'હમ'માંથી પ્રેરણા લીધી અને પછી તેની ભૂમિકા ભજવી હતી.વરુણ ધવનની આગામી ફિલ્મ બેબી જોન જે ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ રીલિઝ થઈ રહી છે, ફિલ્મનું ટ્રેલર એક્શનથી ભરપૂર છે. કાલીસ દ્વારા દિગ્દર્શિત, તેમાં વરુણને ડીસીપી સત્ય વર્મા તરીકે દર્શાવવામાં આવ્યો છે, જે સિંગલ ફાધર તેની પુત્રીને ગુનેગારથી બચાવે છેવરુણ ધવને તાજેતરના એક ઈન્ટરવ્યુમાં કહ્યું, "મને ફિલ્મ 'હમ' ગમી હતી અને તેમાં રજનીકાંત સર, ગોવિંદા જી અને મુકુલ આનંદ અભિનય કરે છે અને મારા પ્રિય નિર્દેશકોમાંના એક છે. જ્યારે તેણે આ ફિલ્મ બનાવી ત્યારે તે તેના સમય કરતા આગળની ફિલ્મ હતી, તેણે અમિત જીનો ભૂતકાળ અને વર્તમાન જે રીતે બતાવ્યો તે શાનદાર હતો.વરુણ કહે છે, 'અમિતાભ બચ્ચનજીએ ઘણી લોકપ્રિય ફિલ્મો કરી છે, તેમની પાસેથી ઘણું શીખવા જેવું છે, નવી પેઢીના કલાકારોએ તે બાઈબલને ભૂલવું ન જોઈએ. 'હમ'માં એક શોટ છે જેમાં તેણે આ ફિલ્મ કરતી વખતે મેં તે સીન વિશે વિચાર્યું અને તે મારા કરિયર માટે ખૂબ જ ઈમોશનલ અને પડકારજનક ફિલ્મ હતી.'તેણે ઉમેર્યું દિલજીત સાથે કામ કરવું ખૂબ જ સરળ હતું.

# રેપર-સિંગર બાદશાહને ગુરુગ્રામ પોલીસે ફટકાર્યો મોટો દંડ



રેપર-સિંગર બાદશાહને એક ભૂલ ભારે પડી છે. ગુરુગ્રામ પોલીસે રેપર-સિંગરનું ટ્રાફિક નિયમો ફોલો ન કરવાના કારણે ચલણ કાપ્યું છે. બાદશાહ ગુરુગ્રામમાં એક કોન્સર્ટમાં સામેલ થવા માટે આવ્યો હતો. જે ગાડીમાં બાદશાહ સવાર હતો, તે ગાડી રોંગ સાઈડમાં ચલાવવામાં આવી રહી હતી. ત્યારે ટ્રાફિક પોલીસે બાદશાહનું ચણલ કાપ્યું છે. બાદશાહ ગુરુગ્રામના સેક્ટર ૬૮માં એયરિયા મોલમાં આયોજિત કરણ ઔજલાના કોન્સર્ટમાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે બાદશાહ બ્લેક રંગની થાર કારમાં ગુરુગ્રામ પહોંચ્યો હતો. આ ગાડી પાણીપતના એક યુવકના નામે રજિસ્ટર્ડ છે. બીજી તરફ બાદશાહની કાર રોંગ સાઈડમાં ચલાવવા પર સોશિયલ મીડિયા પર લોકોએ સવાલો ઉઠાવતા પોલીસ પણ એક્શનમાં આવી ગઈ અને કાર્યવાહી કરતા ટ્રાફિકના નિયમો તોડવા બદલ રેપર-સિંગરને મોટો દંડ ફટકાર્યો છે. તમને જણાવી દઈએ કે, રોંગ સાઈડમાં ગાડી ચલાવવા બદલ ગુરુગ્રામ પોલીસે બાદશાહ પાસેથી મોટો દંડ વસૂલ્યો છે.

# અનન્યા પાંડેને પરિવર્તન લાવવા માટેની પ્રેરણા દીપિકા પાસેથી મળી


### અનનન્યાએ દીપિકા સાથે 'ગહેરાઇયાં'માં કામ કર્યું હતું

અનન્યા પાંડેએ તેની 'ગહેરાઈયાં'ની કો-સ્ટાર દીપિકા પાદૂકોણને એક પ્રેરણાદાઈ વ્યક્તિ ગણાવી છે, જે નમ્રતાપૂર્વક સેટના દરેક વ્યક્તિના હક માટે આગળ આવે છે. તાજેતરમાં અનન્યા એક રાઉન્ડ ટેબલ ચર્ચામાં હાજર રહી હતી. જેમાં તેણે આ વાતો કરી હતી.૨૦૨૨માં શકુન બત્રાની ફિલ્મમાં તેની સાથે કામ કરવાના અનુભવને યાદ કરતા અનન્યાએ કહ્યું હતું કે દીપિકાએ તેને આત્મવિશ્વાસ પૂર્વક પોતાના મનમાં જે હોય એ વાત બોલવામાં મદદ કરી હતી.અનન્યાએ કહ્યું, "જ્યારે પણ કોઈ છોકરી બોલવાની કોશિશ કરે ત્યારે તેને બોસી કહેવામાં આવે છે, અથવા લોકોને તેની સાથે કામ કરવામાં તકલીફ પડે છે, પરંતુ એ પોતાની વાત નમ્રતાથી અને કાળજીપૂર્વક કહેતી હતી, તેનાથી મને અહેસાસ થયો કે તમે એક ચોક્કસ રીતે આવું કરી શકો છો."આગળ અનન્યાએ કહ્યું કે દીપિકા સાથે કામ કરીને તે પોતાની પસંદગી બાબતે વધુ ચોક્કસ રહેવા માટે સશક્ત બની છે. અનન્યાએ કહ્યું, "દીપિકાએ મને એક યંક એક્ટ્રેસ તરીકે આગળ જઈને પરિવર્તન લાવવા માટે પ્રેરણા આપી. હવે જ્યારે હું અમુક કામ કરવામાં સહજ ન અનુભવતી હોય તો એ સ્પષ્ટ કહી દઉં છું. કારણ કે હું નથી ઈચ્છતી કે યુવાન છોકરીઓ સાથે મને જે રીતે મોટા પડદે બતાવે છે એ રીતે કોઈ વાસ્તવિક જીવનમાં વાત ન કરી શકે."અનન્યા સાથે આ ચર્ચામાં રીચા ચઢ્ઢા, પાર્વતી થિરુવોથુ, ફિલ્મમેકર્સ બત્રા, નિખિલ અડવાણી, લેખિકા ઈશિતા મોઈત્રા અને પ્રાઈમ વીડિયોના ઈન્ટરનેશનલ ઓરીજિનલ્સના પ્રોડક્શન હેડ સ્તુતિ રામચંદ્ર સહીતના લોકો હતા.



# પવિત્રા પુનિયા પર ધર્મ બદલવા માટે દબાણ કરી રહ્યો હતો એજાઝ ખાન?

પવિત્રા પુનિયા અને એજાઝ ખાન એક સમયે નાના પડદાના સૌથી ફેવરિટ કપલ્સમાં ગણવામાં આવતા હતા, પરંતુ ચાર વર્ષ સુધી ડેટિંગ કર્યા બાદ બંને અલગ થઈ ગયા હતા. આ વર્ષની શરૂઆતમાં, પવિત્રા અને એજાઝે અચાનક તેમના અલગ થવાની જાહેરાત કરીને ફેન્સને દંગ કરી દીધા હતા. હવે મહિનાઓ પછી પવિત્રાએ જણાવ્યું કે તેના પર ધર્મ બદલવાનું દબાણ હતું.પવિત્રા પુનિયાએ બ્રેકઅપ બાદ ઘણી વખત એજાઝ ખાન સાથેના સંબંધો વિશે વાત કરી છે. એક્ટ્રેસે પહેલા કહ્યું હતું કે તેમના વિચારો મેળ ખાતા નથી જેના કારણે તેઓએ અલગ થવાનો નિર્ણય લીધો હતો અને હવે તેણે ખુલાસો કર્યો છે કે તેના પર દબાણ કરવામાં આવી રહ્યું હતું.એક ઈન્ટરવ્યુમાં પવિત્રા પુનિયાએ જણાવ્યું કે તેણે પહેલા જ દિવસે એજાઝ ખાનને સ્પષ્ટ કહી દીધું હતું કે તે કોઈપણ કિંમતે પોતાનો ધર્મ નહીં બદલે. એક્ટ્રેસે કહ્યું, "મેં તેમને પહેલેથી જ કહ્યું હતું કે હું મારો ધર્મ નહીં બદલું. મને કોઈ વાતથી કોઈ વાંધો નથી. હું હિંદુ-મુસ્લિમ પર ડીબેટ નથી કરતી. "પવિત્રાએ આગળ કહ્યું, "હું એટલું જ કહી રહી છું કે જો કોઈ મુસ્લિમ છોકરી હિંદુ ઘરમાં આવે તો પણ હિંદુને તેને બદલવાનો કોઈ અધિકાર નથી અને જો કોઈ હિંદુ છોકરી મુસ્લિમ ઘરમાં જાય તો તેને પણ તેને બદલવાનો કોઈ અધિકાર નથી.



# શાહિદ -કૃતિનો રોમાંસ કોકટેલ ૨'માં ખીલશે

શાહિદ કપૂર અને કૃતિ સેનન ફરી એકવાર મોટા પડદા પર સાથે જોવા મળી શકે છે. 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'માં તેમની જોડીને ખૂબ પસંદ કરવામાં આવી હતી. તેમની ઓનસ્ક્રીન કેમિસ્ટ્રીના જાદુએ બધાને અચંબામાં મૂકી દીધા હતા. હવે તેઓ ફરી આવી રહ્યા છે.ફિલ્મ 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'માં શાહિદ કપૂર અને કૃતિ સેનનની ઓનસ્ક્રીન કેમેસ્ટ્રી ચાહકોને ગમી હતી. હવે આ જોડી ફરી તમારું મનોરંજન કરવા આવી રહી છે. રિપોર્ટ્સ કહે છે કે બંને 'કોકટેલ ૨'માં સાથે આવી રહ્યા છે.ફિલ્મ 'કોકટેલ' વર્ષ ૨૦૧૨માં રિલીઝ થઈ હતી. આ હોમી અદાજાનિયાની ફિલ્મ હતી અને તેમાં સૈફ અલી ખાન, દીપિકા પાદુકોણ અને ડાયના પેન્ટી જોવા મળ્યા હતા. ડિમ્પલ કાપડિયા અને બોમન ઈરાનીની પણ મહત્વની ભૂમિકા હતી. હવે તેની સિક્વલ બનવાના સમાચાર છે.રશ્મિકા મંદાન્નાનો સમાવેશ થઈ શકે છેએક રિપોર્ટ અનુસાર, 'કોકટેલ ૨'માં શાહિદ કપૂર અને કૃતિ સેનન જોવા મળશે. દિનેશ વિજન હિટ ફિલ્મની સિક્વલ બનાવશે. તેની વાર્તા પણ પહેલા જેવી જ હશે. પ્રેમ ત્રિકોણ હશે. હવે બીજી લીડ હીરોઈનની શોધ ચાલી રહી છે. રશ્મિકા મંદાન્નાનું નામ પણ સામે આવી રહ્યું છે.આ ફિલ્મ મે ૨૦૨૫માં ફ્લોર પર આવશેફિલ્મ 'કોકટેલ' દીપિકા પાદુકોણ માટે ગેમ ચેન્જર સાબિતથઈ. આ ફિલ્મે તેની કારકિર્દીને વેગ આપ્યો. ઈમ્તિયાઝ અલીએ વાર્તા લખી હતી. તેની સિક્વલ મે ૨૦૨૫માં ફ્લોર પર આવી શકે છે. હાલમાં કાસ્ટિંગનું કામ ચાલી રહ્યું છે.શાહિદ છેલ્લે 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'માં જોવા મળ્યો હતો. હાલમાં તે પૂજા હેગડે સાથે રોશન એન્ડ્રુઝની ફિલ્મ દેવાનું શૂટિંગ કરી રહ્યો છે.



# તબ્બુ છુપી રુસ્તમ નીકળી હોલીવુડમાં ડંકો વગાડ્યો

### અભિનેત્રીએ દુનિયાભરના લોકોનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું

બોલિવૂડની આ અભિનેત્રીએ દુનિયાભરના લોકોનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. કોઈપણ ધામધૂમ વિના, તે તાજ વિનાની તે રાણી બની ગઈ છે, જેના પર આ વર્ષે ઘણા લોકોએ ધ્યાન આપ્યું નથી. પુષ્પા ૨ એ પહાડ જેવો રેકોર્ડ બનાવ્યો છે, તો અહી કહી દઈએ કે બોલીવુડની એક અભિનેત્રી છે જેણે આ વર્ષે પહાડ જેવા બજેટ સાથે હોલીવુડની શ્રેણીમાં કામ કરીને વિશ્વભરમાં ઓળખ મેળવી છે અને તે પણ ચૂપચાપ.વર્ષ ૨૦૨૪ મનોરંજન ઉદ્યોગ માટે ખાસ હતું. આ વર્ષે ભારતીય સિનેમાએ દર્શકોને ઘણી રેકોર્ડબ્રેકર ફિલ્મો આપી છે. જ્યારે સ્ત્રી ૨ જેવી ઓછી-બજેટની બ્લોકબસ્ટર્સ બોલિવૂડમાં આવી, ત્યારે તેલુગુ સિનેમાએ એવી ફિલ્મ આપી જેણે ભારતની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મોની યાદીમાં ટોચનું સ્થાન મેળવ્યું. પુષ્પા ૨ એ વિશ્વભરમાં રૂ. ૧૫૦૦ કરોડ અને ભારતમાં રૂ. ૧૦૦૦ કરોડની કમાણી કરી હતી.આ વર્ષે આખા વર્ષ દરમિયાન ઘણા મોટા ચહેરાની ચર્ચા થઈ હતી. અક્ષય કુમાર, સલમાન ખાન, કરીના કપૂર, દીપિકા પાદુકોણ, રજનીકાંતથી લઈને રશ્મિકા મંદન્ના અને અલ્લુ અર્જુન હંમેશા હેડલાઈન્સમાં રહ્યા છે. પરંતુ આ મસાલેદાર હેડલાઈન્સથી દૂર, બોલિવૂડની એક અભિનેત્રીએ ચુપચાપ કંઈક એવું કર્યું જે આજ સુધી કોઈ ભારતીય અભિનેત્રી કે અભિનેતા કરી શક્યું નથી.અમે વાત કરી રહ્યા છીએ ૫૩ વર્ષની અભિનેત્રી તબ્બુની. તબ્બુએ આ વર્ષે કરીના અને કૃતિ સેનન સ્ટારર ક્રૂમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ફિલ્મે સારી કમાણી પણ કરી હતી. અરસી મેં કહા દમ થા પણ અજય દેવગન સાથે આવી હતી, પરંતુ તે ફ્લોપ રહી હતી. ક્રૂમાં કરીના કપૂર વિશે સૌથી વધુ ચર્ચા થઈ હતી.



જીએસટી કાઉન્સિલની બેઠકમાં મોટો નિર્ણય । પોપકોર્નથી લઈને યુઝ્ડ કાર સુધી મધ્યમ વર્ગ ફરી જીએસટીની ઝપટમાં

# હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સનું પ્રીમિયમ ઘટશે નહીં

**યુક્રેનિયન ડ્રોન કાઝાનમાં રહેણાંક ઇમારતોને અથડાયા છે, જેના કારણે ઈમારતો ઉડી ગઈ હતી અને ભીષણ આગ ફાટી નીકળી હતી**

। જેસલમેર, તા.૨૨ ।

નાણાપ્રધાન નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં જેસલમેરમાં જીએસટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. આ વખતની બેઠકમાં એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે આરોગ્ય અને જીવન વીમા પ્રીમિયમ પરનો ટેક્સ ઘટશે. પરંતુ આ અંગેનો નિર્ણય હાલ પૂરતો મુલતવી રાખવામાં આવ્યો છે. આ સંદર્ભે, જાન્યુઆરીમાં ફરીથી જીએસટીની બેઠક યોજાશે. (એચ.એસ.એલ),જીએસટી કાઉન્સિલની બેઠકમાં શું નિર્ણય લેવામાં આવ્યો તે અંગે કેટલાક રિપોર્ટ્સમાં દાવા કરવામાં આવી રહ્યા છે.ટીઓઆઈ મુજબ, ૫૦% થી વધુ ફ્લાય એશ ધરાવતા ઓટોક્લેવ્ડ એરેટેડ કોંક્રિટ બ્લોક્સ એચએસ કોડ ૬૮૧૫ હેઠળ મૂકવામાં આવે છે. આ પછી, તેમના પર પહેલા કરતા ઓછો જીએસટી વસૂલવામાં આવશે, જે પહેલા ૧૮% હતો અને હવે તેને ઘટાડીને ૧૨% કરવામાં આવ્યો છે.હકીકતમાં મંત્રીઓનું જૂથ આ અંગે સર્વસંમતિ સુધી પહોંચી શક્યું નથી.










### પ્રી-પેકેજ અને લેબલવાળા પોપકોર્ન પર ૧૨% જીએસટી ચૂકવવો પડશે

ખાવા માટે તૈયાર પોપકોર્ન પર જીએસટી અંગે કાઉન્સિલે સ્પષ્ટતા કરી હતી કે મીઠું અને નમકીન જેવા મસાલા ધરાવતા પોપકોર્નને પેકેજિંગ વગર વેચવામાં આવે તો તેના પર ૫% જીએસટી લાગશે. આ સિવાય પ્રી-પેકેજ અને લેબલવાળા પોપકોર્ન પર ૧૨% જીએસટી ચૂકવવો પડશે. આ સિવાય ૧,૫૦૦ રૂપિયા સુધીની કિંમતના તૈયાર વસ્ત્રો પર પાંચ ટકા જીએસટી લાગશે, જ્યારે ૧,૫૦૦ રૂપિયાથી ૧૦,૦૦૦ રૂપિયા સુધીના કપડાં પર ૧૮ ટકા જીએસટી લાગશે. ૧૦,૦૦૦ રૂપિયાથી વધુ કિંમતના કપડાં પર ૨૮ ટકા ટેક્સ લાગશે. હાલમાં, રૂ. ૧,૦૦૦ સુધીની કિંમતના કપડાં પર પાંચ ટકા જીએસટી લાગે છે, જ્યારે તેનાથી વધુ કિંમતના કપડાં પર ૧૨ ટકા જીએસટી લાગે છે.

### કારમેલ પોપકોર્ન જેવી સુગર-કોટેડ જાતો પર ૧૮% જીએસટી લાગશે

જો કે,એચએસ ૧૭૦૪ ૯૦ ૯૦ કોડ હેઠળ કન્ફેક્શનરી તરીકે વર્ગીકૃત કરાયેલા કારમેલ પોપ કોર્ન જેવી સુગર-કોટેડ જાતો પર ૧૮% જીએસટી લાગશે. વીમા પ્રીમિયર અંગેનો નિર્ણય જીએસટી કાઉન્સિલ દ્વારા મોકૂફ રાખવામાં આવ્યો છે, મંત્રીઓના જૂથે આરોગ્ય અને જીવન વીમા પ્રીમિયમ પર જીએસટી ઘટાડવાની દરખાસ્ત કરી હતી, જેને જીએસટી કાઉન્સિલની આગામી બેઠક સુધી મોકૂફ રાખવામાં આવી છે. આનો અર્થ એ છે કે લોકોએ હજુ પણ તેમના વીમા પર જૂના કર દર મુજબ પ્રીમિયમ ચૂકવવું પડશે. જીએસટી કાઉન્સિલની ૫૫મી બેઠકમાં આરોગ્ય અને જીવન વીમા પર પ્રીમિયમ ઘટાડવાના નિર્ણયને મુલતવી રાખવાનું કારણ આપવામાં આવ્યું હતું.

### જીઓએમએ સ્વાસ્થ્ય વીમા પોલિસી પર જીએસટી દર ઘટાડાવાની દરખાસ્ત કરી

કે આ અંગે વધુ સ્પષ્ટતાની જરૂર છે. કાઉન્સિલે મંત્રીઓના જૂથને તેના અહેવાલને વધુ વ્યાપક બનાવવા માટે વધારાની માહિતી રજૂ કરવા જણાવ્યું છે. આ સૂચવે છે કે જીએસટી દરોમાં સુધારો કરવા અથવા આરોગ્ય અને જીવન વીમા સંબંધિત પ્રીમિયમ ઘટાડવા અંગે કોઈ નિર્ણય લેતા પહેલા આ બાબતે વધુ તપાસની જરૂર છે.હાલમાં, હેલ્થ ઈન્સ્યોરન્સ, ટર્મ લાઈફ ઈન્સ્યોરન્સ અને યુનિટ-લિંક્ડ ઈન્સ્યોરન્સ પ્લાન ૧૮ ટકા જીએસટી દર હેઠળ આવે છે. એન્ડોમેન્ટ યોજનાઓમાં જીએસટી અરજી અલગ છે, પ્રથમ વર્ષમાં ૪.૫ ટકાના દરે અને બીજા વર્ષથી ૨.૨૫ ટકાના દરે. જીવન વીમા માટે, સિંગલ પ્રીમિયમ એન્યુઈટી પોલિસી ૧.૮ ટકાના જીએસટી દરને આકર્ષિત કરે છે. આ દરો તમામ વય જૂથોને સમાનરૂપે લાગુ પડે છે.

---

## કેટરીના કૈફે સાસુએ બનાવેલું તેલ વાળમાં લગાવ્યું, પોતે જ ખુલાસો કર્યો



। મુંબઇ,તા.૨૨ ।

કેટરીના કૈફ અને વિકી કૌશલ બોલિવૂડના સૌથી ફેવરિટ કપલ્સમાંથી એક છે. અસ્કર કેટરીના પણ તેમના સંબંધો વિશે ખુલીને વાત કરતી રહે છે. કેટરીના અને વિકી બંને બોલિવૂડના સુપરસ્ટાર છે. કેટરિના કૈફ ઘણીવાર તેના પતિ અને સાસરિયાઓના વખાણ કરતી જોવા મળે છે. તાજેતરમાં કેટરીના કૈફે તેની સાસુ સાથેના સંબંધો વિશે વાત કરી છે. જેમાં કેટરીના કૈફે જણાવ્યું હતું કે વિક્કીની માતા તેના માટે ઘરેલું ઉપચારથી હેર ઓઈલ બનાવે છે. કેટરીના ઘણીવાર આ તેલ તેના વાળમાં લગાવે છે. હવે કેટરિનાને પણ ઘરેલું ઉપાયો ખૂબ પસંદ આવી રહ્યા છે. ધ વીકને આપેલા ઈન્ટરવ્યુમાં કેટરિના કૈફે સ્કિન કેર માટેનો પોતાનો શોખ શેર કર્યો. કેટરિના કૈફે કહ્યું કે, 'મારી સાસુ પણ મારા માટે ડુંગળી, આમળા, એવોકાડો અને બે-ત્રણ અન્ય ઘટકોથી આ હેર ઓઈલ બનાવે છે.

---

કૈલાસ માનસરોવર યાત્રીઓ માટે આ સારા સમાચાર


## જલ્દી શરૂ થઈ શકે । કૈલાશ માનસરોવર યાત્રા, ભારત અને ચીન સહમત થયા

**ભારત અને ચીન કૈલાશ માનસરોવર યાત્રા સહિત ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સહમત થયા । કૈલાશ માનસરોવર સૌથી પવિત્ર સ્થળોમાંનું એક**

। બેઈજિંગ,તા.૨૧ ।

ભારત અને ચીન કૈલાશ માનસરોવર યાત્રા સહિત ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સહમત થયા છે. કૈલાસ માનસરોવર યાત્રીઓ માટે આ સારા સમાચાર છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે કૈલાશ માનસરોવર યાત્રા ટૂંક સમયમાં ફરી શરૂ કરવા માટે વિચારણા થઈ શકે છે. તમને જણાવી દઈએ કે કૈલાશ માનસરોવર યાત્રા છેલ્લા પાંચ વર્ષથી ભારતીયો માટે બંધ છે.

કૈલાશ માનસરોવર સૌથી પવિત્ર સ્થળોમાંનું એક છે. હિંદુ માન્યતાઓ અનુસાર આ ભગવાન શિવનો વાસ છે. તમને જણાવી દઈએ કે કૈલાશ માન સરોવર યાત્રા કોરોના કાળથી બંધ છે. કોરોના દરમિયાન ઘણા નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. આ સાથે જ ગલવાન ખીણમાં હિંસા થઈ હતી જેના પછી બંને દેશો વચ્ચે તણાવ



વધી ગયો હતો.કૈલાશ માનસરોવર હિમાલયની પર્વતમાળાનો એક ભાગ છે. આ સ્થળ તિબેટમાં આવેલું છે પરંતુ તે ચીનના અધિકારક્ષેત્રમાં છે. અહીં જવા માટે ચીનના ટૂરિસ્ટ વિઝા લેવા જરૂરી છે. કૈલાશ માનસરોવર યાત્રા માટે ત્રણ મુખ્ય રૂટ છે. તેમાંથી પહેલો લિપુલેખ પાસ, બીજો નાથુ લા પાસ અને ત્રીજો શિગસ્તે રોડ છે.

અગાઉ, વિદેશ પ્રધાન એસ જયશંકરે તેમના ચીની સમકક્ષ સાથે માનસરોવર યાત્રા શરૂ કરવા અને બંને દેશો વચ્ચે તમામ હવાઈ સેવાઓ પુનઃસ્થાપિત કરવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

બુધવારે ચીન અને ભારત વચ્ચે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ દરમિયાન બંને દેશો ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સહમત થયા હતા. જેમાં મુખ્યત્વે ચીન સરહદ વિવાદને કારણે ચાલી રહેલી મડાગાંઠને ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

---

**દરવાજા પર ભીડ એકઠી થઈ હતી**

## નાઈજીરિયાના એક ચર્ચમાં નાસભાગ મચી જતાં ૧૦ લોકોએ જીવ ગુમાવ્યા

**ખાદ્ય સામગ્રીઓ એકત્ર કરવા માટે મોટી સંખ્યામાં લોકો એકઠા થતાં નાસભાગ મચી ગઈ હતી**

। અબુજા,તા.૨૨ ।

નાઈજીરિયાની રાજધાની અબુજામાં નાતાલના અવસર પર સ્થાનિક ચર્ચ દ્વારા વહેંચવામાં આવતી ખાદ્ય સામગ્રીઓ એકત્ર કરવા માટે મોટી સંખ્યામાં લોકો એકઠા થતાં નાસભાગ મચી ગઈ હતી. શનિવારે આ અંગે માહિતી આપતા પોલીસે જણાવ્યું કે નાસભાગમાં ૪ બાળકો સહિત ૧૦ લોકોના દુઃખદ મોત થયા છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે ડઝનેક લોકો સવારે ૪ વાગ્યે ચર્ચ પરિસરમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા, વસ્તુઓનું વિતરણ કરવામાં આવે તેના ઘણા સમય પહેલા, અને તે સમયે એક દરવાજા પર ભીડ એકઠી થઈ હતી. તેણે કહ્યું કે, કેટલાક લોકો ગઈ રાતથી રાહ જોઈ રહ્યા હતા.ઘટનાની વિગતો આપતા પોલીસ પ્રવક્તા જોસેફાઈન અદેહે એક નિવેદનમાં જણાવ્યું કે અબુજાના પોશ વિસ્તાર મૈતામામાં હોલી ટ્રિનિટી કેથોલિક ચર્ચમાં વહેલી સવારે નાસભાગ મચી ગઈ હતી. તેમણે કહ્યું કે એક હજારથી વધુ લોકોને ચર્ચમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. ઘટનાના વાયરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે મૃતદેહો જમીન પર પડેલા છે અને લોકો મદદ માટે ચીસો પાડી રહ્યા છે. અદેહે કહ્યું કે કેટલાક ઘાયલોને સારવાર આપીને છોડી દેવામાં આવ્યા છે, જ્યારે અન્યની સારવાર ચાલી રહી છે. આ ઘટના બાદ ચર્ચે ચેરિટી ઈવેન્ટ કેન્સલ કરી દીધી હતી, જેમાં ચોખાની બોરીઓ અને અન્ય વસ્તુઓ હજુ પણ અંદર છે.આફ્રિકાના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશમાં એક અઠવાડિયામાં આ બીજી નાસભાગ છે કારણ કે સ્થાનિક સંસ્થાઓ, ચર્ચ અને જાહેર સભ્યો નાતાલ પહેલા દાન એકત્ર કરવા માટે કાર્યક્રમોનું આયોજન કરે છે.

---

## મોદી બે દિવસની ઐતિહાસિક મુલાકાતે કુવૈત પહોંચ્યા



। કુવૈત સિટી, તા.૨૧ ।

પીએમ મોદી ૨ દિવસની મુલાકાતે કુવૈત પહોંચી ગયા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કુવૈત શહેરમાં ૧૦૧ વર્ષીય ભૂતપૂર્વ આઈએફએસ અધિકારી મંગલ સૈન હાંડા સાથે મુલાકાત કરી હતી. મોદી કુવૈતના અમીર શેખ મેશાલ અલ-અહમદ અલ-જાબેર અલ-સબાહના આમંત્રણ પર કુવૈત શહેરની ૨ દિવસની મુલાકાતે છે.વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.વડાપ્રધાન મોદીએ ભારતીય મૂળના લોકો સાથે વાતચીત કરી હતી. છેલ્લા ૪૩ વર્ષમાં ભારતીય વડાપ્રધાનની કુવૈતની આ બીજી મુલાકાત છે. તેમના પહેલા પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી કુવૈત ગયા હતા. પીએમ મોદીની આ મુલાકાત દરમિયાન ભારત અને કુવૈતના સંબંધોમાં એક નવો ઐતિહાસિક અધ્યાય લખાય તેવી આશા છે.તમને જણાવી દઈએ કે કુવૈતની બે દિવસીય મુલાકાતે જતા પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું કે, ભારત અને ખાડી દેશોના પશ્ચિમ એશિયાઈ ક્ષેત્રની શાંતિ, સુરક્ષા અને સ્થિરતામાં સમાન હિત છે.

---

## વાહન પલટી જવાથી છ લોકોના મોત, અકસ્માતમાં ૪૩ લોકો ઘાયલ

। જગદલપુર, તા.૨૨ ।

જગદલપુરના દરભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાંદમેટ્ટા પાસે એક ઝડપી વાહન પલટી ગયું હતું. આ ઘટનામાં છ લોકોના મોત થયા હતા. અને ૪૩ લોકો ઘાયલ થયા છે. ઘાયલોને સારી સારવાર માટે કોલેંગ હેલ્થ સેન્ટરમાં લઈ જવામાં આવ્યા હતા. ઘટના બાદ પોલીસની ટીમ ૧૦૮ના કર્મચારીઓ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘાયલોને સારી સારવાર માટે મોકલ્યા હતા.જગદલપુર જિલ્લાના કોલેંગ-ચંદમેટ્ટા વિસ્તારમાં થયેલા અકસ્માતમાં ઘાયલોની મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર ચાલુ છે. શનિવારે થયેલા અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, ઘાયલોને કોલેંગ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ, ૪૫ લોકોને સારવાર માટે મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. જેમાંથી બેનું મેડિકલ કોલેજ હોસ્પિટલ પહોંચતી વખતે મોત થયું હતું. પાંચ લોકોને વધુ સારી સારવાર માટે રાત્રે રાયપુર મોકલવામાં આવ્યા છે. હાલ ડીમરપાલ હોસ્પિટલમાં ૩૮ ઘાયલોની સારવાર ચાલી રહી છે.

---

## બાંગ્લાદેશમાં હિંદુ પૂજારીની નિર્દયતાથી હત્યા, મંદિર લૂંટાયું

। ઢાકા,તા.૨૨ ।

બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચાર અટકવાનો નામ નથી લઈ રહ્યો. અહેવાલો અનુસાર,બાંગ્લાદેશના કાશિમપુર સેન્ટ્રલ સ્મશાનગૃહમાં સ્થિત મંદિરમાં માત્ર પૂજારીની જ નિર્દયતાથી હત્યા કરવામાં આવી ન હતી, પરંતુ મંદિરને પણ લૂંટવામાં આવ્યું હતું. ઈસ્કોનના કોલકાતા યુનિટે બાંગ્લાદેશના નાટોરમાં સ્મશાનભૂમિ મંદિરમાં ઉગ્રવાદીઓ દ્વારા હિન્દુ પૂજારીની 'હત્યા'ની નિંદા કરી હતી. તમને જણાવી દઈએ કે બાંગ્લાદેશમાંથી સતત હિંદુઓ પર અત્યાચારની ઘટનાઓ સામે આવી રહી છે, પરંતુ મોહમ્મદ યુનુસની સરકાર નિષ્ક્રિય બેઠી હોય તેવું લાગી રહ્યું છે.

---

**પહાડી રાજ્યોમાં ભારે હિમવર્ષા**

**આગામી થોડા દિવસોમાં દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને પંજાબ સહિત ઘણા રાજ્યોમાં વરસાદ થવાની છે, વરસાદની સાથે કડકડતી ઠંડીમાં પણ વધારો થશે**

## દિલ્હી-એનસીઆર સહિત અનેક રાજ્યોમાં વરસાદનું એલર્ટ આપાયુ

। નવીદિલ્હી,તા.૨૨ ।

ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી વચ્ચે વરસાદનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આગામી થોડા દિવસોમાં દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને પંજાબ સહિત ઘણા રાજ્યોમાં વરસાદ થવાની છે. વરસાદની સાથે કડકડતી ઠંડીમાં પણ વધારો થશે. હવામાન વિભાગે જણાવ્યું કે, વરસાદની સાથે આગામી પાંચથી સાત દિવસ સુધી ઠંડીનું મોજું રહેવાની શક્યતા છે.

એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પશ્ચિમ હિમાલયના પ્રદેશ અને મેદાનોને ત્રાટકે છે. જેના કારણે હવામાનમાં પલટો આવશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સોમવારે દિલ્હી-એનસીઆરમાં આંશિક વાદળછાયું રહી શકે છે. ઘણા વિસ્તારોમાં હળવો વરસાદ



અથવા ઝરમર ઝરમર ઝરમર ઝરમર ઝરમર વરસાદ પડવાની શક્યતા છે. મંગળવારે ગાઢ ધુમ્મસ રહી શકે છે. હવામાન વિભાગે મંગળવાર માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે કહ્યું કે દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ અને હરિયાણાના ઘણા જિલ્લાઓમાં ૨૬ ડિસેમ્બર (ગુરુવાર) અને ૨૭ ડિસેમ્બર (શુક્રવાર)ના રોજ વરસાદ પડી શકે છે. વરસાદના કારણે ફરી એકવાર કડકડતી ઠંડી પડશે. હિમાચલ પ્રદેશ, પંજાબ, જમ્મુ-કાશ્મીર, હરિયાણા અને મધ્યપ્રદેશમાં તીવ્ર ઠંડીનું મોજું જોવા મળશે.

દિલ્હી-એનસીઆર, હરિયાણા અને પંજાબના ઘણા વિસ્તારોમાં સવારે ધુમ્મસ જોવા મળ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સોમવારે દિલ્હી-એનસીઆરમાં હળવા વરસાદ સાથે તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. ઠંડા પવનો પણ ફૂંકાશે. હવામાન વિભાગે માહિતી આપી છે કે તટીય આંધ્રપ્રદેશમાં ભારે વરસાદ પડી રહ્યો છે.

---

**અનેક લોકો ઘાયલ** | **બસનું એક ટાયર ફાટી ગયું, જેના કારણે ડ્રાઈવરે સ્ટેરિયંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો**

## બ્રાઝિલમાં બસ અને ટ્રકની ટક્કરમાં ૩૮ લોકોના મોત

। મિનસગેરેસ, તા.૨૨ ।

બ્રાઝિલના મિનસ ગેરેસ રાજ્યમાં એક ભયાનક રોડ અકસ્માતમાં ઓછામાં ઓછા ૩૮ લોકોના મોત થયા છે, જ્યારે ૧૩ લોકો ઘાયલ થયા છે. આ અકસ્માત ત્યારે થયો જ્યારે બસનું એક ટાયર ફાટી ગયું, જેના કારણે ડ્રાઈવરે સ્ટેરિયંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને બસ ટ્રક સાથે અથડાઈ હતી. આ માહિતી ફાયર વિભાગના અધિકારીઓએ આપી હતી, જેઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી.સ્થાનિક



અધિકારીઓએ જણાવ્યું હતું કે બસમાં ૪૫ મુસાફરો સવાર હતા. જે સાઓ પાઉલોથી નીકળી હતી, પરંતુ રસ્તામાં બસનું ટાયર ફાટી ગયું હતું અને પછી તે ટ્રક સાથે અથડાઈ હતી. એક કાર પણ આવી અને બસ સાથે અથડાઈ, જેમાં કહેવામાં આવી રહ્યું છે કે તેમાં ત્રણ મુસાફરો હતા, જે બચી ગયા. આ અકસ્માત સવારે ૪ વાગે થયો.ઘટના સ્થળની તસ્વીરોમાં જોઈ શકાય છે કે કચુંબર થયેલી કાર પર એક ટ્રક ચડેલી છે, તેનું વ્હીલ કારની છત પર છે. મિનસ ગેરેસ ફાયર વિભાગનું કહેવું છે કે અકસ્માત હાઈવે બીઆર-૧૧૬ પર થયો હતો. અકસ્માત બાદ વાહનનો કાટમાળ તસવીરોમાં જોઈ શકાય છે. બસમાં લાગેલી આગની તસવીર પણ સામે આવી છે, જેમાં બસ સળગતી જોવા મળી રહી છે.એક અધિકારીએ જણાવ્યું કે પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી છે. ઘટના સ્થળેથી પીડિતોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. મિનાસ ગેરેસના ગવર્નર રોમ્યુ ઝેમાએ ટ્વિટર પર જણાવ્યું હતું કે તેમણે ટીઓફિલો ઓટોનીમાં બીઆર-૧૧૬ પર થયેલા દુઃખદ અકસ્માતમાં "પીડિતોને મદદ કરવા અને તેમના પરિવારોને મદદ કરવા આદેશ આપ્યા છે.૨૦૨૧માં બ્રાઝિલમાં રોડ અકસ્માતથી થતા મૃત્યુ દર ૧૦૦,૦૦૦ લોકો દીઠ ૧૫.૭ હતો, જે આર્જેન્ટિનાના ૮.૮ કરતા ઘણો વધારે હતો. માર્ગ સલામતીના સંદર્ભમાં બ્રાઝિલે ૨૦૩૦ સુધીમાં મૃત્યુની સંખ્યા અડધી કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે.

## અમદાવાદમાં લાયસન્સ વગર દવાઓ બનાવતી ફેક્ટરી ઝડપાઈ

। અમદાવાદ,તા.૨૨ ।

અમદાવાદમાં લાયસન્સ વગર દવાઓ બનાવતી ફેકટરી ઝડપાઈ. ફૂડ એન્ડ ડ્રગ વિભાગે બનાવટી દવા મામલે મોટી કાર્યવાહી કરી. વિભાગને માહિતી મળ્યા બાદ શહેરના કઠવાડા વિસ્તારમાં બનાવટી દવાનું ઉત્પાદન કરતી ફેક્ટરી પર રેડ કરી મુદામાલ જપ્ત કર્યો.મળતી માહિતી મુજબ રાજ્યમાં નકલી ડિગ્રી, નકલી સરકારી અધિકારી, નકલી ડોક્ટરના જેવા કૌભાંડોના ઘટસ્ફોટ થઈ રહ્યો છે. ત્યારે વહીવટીતંત્ર સફાળું જાગતા અનેક સ્થાનો પર ચેકિંગ પ્રક્રિયા હાથ ધરી. તાજેતરમાં જ ફૂડ એન્ડ ડ્રગ વિભાગને શહેરમાં એક કંપની પર લાયસન્સ વગર દવાઓ બનાવવામાં આવતી હોવાની બાતમી મળી. આ બાતમીના આધારે શહેરના કઠવાડા વિસ્તારમાં આવેલ એરોન લાઈફ સાયન્સ કંપનીમાં દરોડા પાડ્યા.

### નડીયાદના પાર્ટીપ્લોટ પરના દરોડા

# જીએસટી વિભાગને મોટી સફળતા મળી । લગ્ન સીઝનમાં ૧૦૦ કરોડના બેનામી વ્યવહારો મળ્યા

### જીએસટી વિભાગ દ્વારા અચાનક પાર્ટીપ્લોટો પર દરોડાની કામગીરી હાથ ધરાઈ

। માહિતી બ્યુરો, નડીયાદ,તા.૨૨ ।

નડીયાદના જાણીતા પાર્ટીપ્લોટ પરના દરોડામાં જીએસટી વિભાગને સફળતા મળી. લગ્ન સીઝનમાં ૧૦૦ કરોડના બેનામી વ્યવહારો મળ્યા. દરોડામાં કરવામાં આવેલ તપાસમાં પાર્ટીપ્લોટ દ્વારા કરોડોના બેનામી વ્યવહારો થયા હોવાનું ખુલ્યું. દિવાળી બાદ રાજ્યમાં લગ્ન સીઝનનો માહોલ હતો. અને લગ્નસરાની સિઝનમાં પાર્ટીપ્લોટની ધીકતી કમાણી થઈ હોવા છતાં કરચોરી કરી હતી. હાલમાં જીએસટી વિભાગ દ્વારા અચાનક પાર્ટીપ્લોટો પર દરોડાની કામગીરી હાથ ધરાઈ. આ દરોડોમાં કરોડોના બેનામી વ્યવહાર થયા હોવાની માહિતી મળી. જેના બાદ હવે જીએસટી




વિભાગ નડિયાદ ઉપરાંત રાજ્યના અન્ય શહેરોના પાર્ટીપ્લોટ પર તપાસ હાથ ધરશે તેવું સૂત્રો દ્વારા માહિતી મળી.અમદાવાદના જીએસટી વિભાગ દ્વારા બે દિવસ અગાઉ નડીયાદના મોટા અને જાણીતા પાર્ટી પ્લોટ પર દરોડા પાડવામાં આવ્યા હતા.

અધિકારીઓ દ્વારા અચાનક શહેરના ધ ગ્રાન્ડ ચેતક અને સંગાથ પાર્ટી પ્લોટમાં નાણાંકીય વ્યવહારોની તપાસ હાથ ધરી હતી. અગાઉ જીએસટી વિભાગ દ્વારા આણંદમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં મોટા બેનામી વ્યવહારો થયા હોવાનું ખૂલતા નડીયાદના બે પાર્ટી પ્લોટ પર દરોડા પાડ્યા. અને બંને પાર્ટીપ્લોટમાં લગ્ન સીઝનમાં કરોડોના બેનામી વ્યવહાર થયો હોવાનું જાણવા મળ્યું.

પાર્ટીપ્લોટ માલિકો ગ્રાહકો પાસેથી વધુ રૂપિયા લીધા બાદ કરચોરી કરે છે.ખોટા ખર્ચ બતાવી પોતાની તિજોરી ભરનાર પાર્ટી પ્લોટના માલિકો સામે વહીવટીતંત્ર દ્વારા કડક પગલા લેવામાં આવ્યા. નડીયાદના બે જાણીતા પાર્ટીપ્લોટમાં જીએસટી વિભાગને સફળતા મળતા હવે વિવિધ શહેરોમાં ૩૦થી વધુ પાર્ટી પ્લોટ પર તપાસની કામગીરી કરશે. ખાસ કરીને સુરત, અમદાવાદ, રાજકોટ, વડોદરા સહિતના પાર્ટીપ્લોટના નાણાકીય વ્યવહારોની તપાસ કરાશે.

### નાના રણમાં નર્મદા કેનાલોના વધારાના પાણી રણમાં ફરી વળ્યા

### કેનાલમાંથી બેફામ રીતે પાણી છોડાતા કચ્છના નાના રણમાં મીઠાના અગરમાં પાણી ભરાઈ ગયા

# કચ્છનું નાનું રણ બેટમાં ફેરવાતા અગરીયાઓને કરોડો રૂપિયા નુકસાન

। પ્રતિનિધિ, ભુજ,તા.૨૨ ।

કચ્છનું નાનું રણ બેટમાં ફેરવાતા અગરીયાઓને કરોડો રૂપિયા નુકસાન થયું. નાના રણમાં નર્મદા કેનાલોના વધારાના પાણી રણમાં ફરી વળ્યા. અંદાજે રણના ૩૦ કિલોમીટર વિસ્તારોમા નર્મદાના પાણી ભરાતા મીઠું પકાવવા બનાવેલા પાટા તૂટી પાણીમાં તણાયા. પાણી ફરી વળવાના કારણે ૪૦૦થી વધુ પાટાઓ તૂટી જતાં અગરીયાઓને ૨ કરોડથી વધુની રકમનું નુકસાન થયું.

રણમાં ફરી વળ્યું નર્મદાનું પાણી. નર્મદા વિભાગની બેદરકારીથી અગરિયાઓને નુકસાન થતા હાલત કફોડી બની. કેનાલમાંથી બેફામ રીતે પાણી છોડાતા કચ્છના નાના રણમાં મીઠાના અગરમાં પાણી ભરાઈ ગયા. મીઠાના અગરમાં ચોમાસાના પાણી ભરાય તેમ પાણી ભરાઈ જતા અગરીયાઓને મોટો ફટકો પડ્યો. ચોમાસાના વરસાદ બાદ અગરીયાઓ ભારે જહેમત કરી જમીન સમથળ બનાવે છે અને મીઠું પકવવા પાળા તૈયાર કરે છે. પરંતુ હાલમાં નર્મદાના કેનાલનું પાણી ફરી વળ્યું. એક અગરીયાએ થતા નુકસાન અંગે જણાવ્યું કે ધ્રાંગધ્રાના ખેડૂતોને રવિ સીઝનમાં ખેતરમાં પાક માટે પાણી આપવામાં આવે છે અને તેના બાદ ખેડૂતો આ પાણીને બકનાળી મારફતે બહાર કાઢે છે.








ગ્રામ્ય વિસ્તારના પત્રકારો માટે ઝડપી લેવા જેવી તક

અમદાવાદમાં ન્યૂઝ મીડિયા ક્ષેત્રે કરિયર બનાવો

ગુજરાતી ભાષામાં પ્રભુત્વ ધરાવતા અને મેટ્રો શહેર અમદાવાદમાં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા પત્રકારો, કોપી એડિટર, સબ એડિટર, પેજમેકર, ડીઝાઈનર સહિતના મીડિયા કર્મચારીઓને લોક પત્રિકા દૈનિક આવકારે છે

છ મહિના સુધી પ્રિન્ટ અને ઈલેક્ટ્રિક મીડિયાની ટ્રેનિંગ આપવામાં આવશે

ગુજરાતના વિવિધ જિલ્લાના સ્થાનિક લોકલ ન્યૂઝ પેપર, યૂટ્યૂબ અથવા લોકલ ચેનલમાં કામ કરતા પત્રકાર મિત્રો માટે સુવર્ણ તક..

લોક પત્રિકા

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

સંપર્ક । 98252 52125

વધુ માહિતી માટે અમારે વેબસાઈટની મુલાકાત લો... www.lokpatrika.in












**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya


CMYK